હીરક મહોત્સવ પ્રકાશન

# વંદિત્તુવાળું પ્રતિક્રમણ

અને

# ચત્તારિ મંગલં

## પંચ પરમેષ્ઠિ મંત્ર

## (અર્થ સહિત)

સંતબાલ

ૐ મૈયા

સર્વથા સૌ સુખી થાઓ,
સમતા સૌ સમાચરો,
સર્વત્ર દિવ્યતા વ્યાપો,
સર્વત્ર શાન્તિ વિસ્તરો.

• પ્રકાશક •

મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર

હઠીભાઈની વાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

પ્રકાશક :
મંત્રી, મનુ પંડિત
મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર,
હઠીભાઈની વાડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.

પ્રત : ૨૦૦૦
ગૂડી પડવો : ૮-૪-૧૯૯૭

**સૂચના**
આ પુસ્તિકા સ્વજનોમાં વહેંચવા માટે સંસ્થાની મંજૂરી મેળવી પ્રગટ કરી શકાશે.

કિંમત : રૂપિયા પાંચ

ટાઈપસેટીંગ :
એ-૨૧૫, બીજે માળ, બી.જી. ટાવર્સ,
દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૫૬૨૬૯૮૨

# બે બોલ

મુનિશ્રીએ સન ૧૯૩૭માં નર્મદા કિનારે રણાપુરમાં એક વર્ષ ધર્મસાધના કરી હતી ત્યારે પ્રાકૃત ભાષામાં લખાયેલ પ્રતિક્રમણને ગુજરાતી ભાષામાં, પદ્યમાં, મુખ્યપણે અનુષ્ટુપ છંદમાં રૂપાંતરિત કર્યું હતું. મુનિશ્રીના તદ્દન નજીકના કેટલાક સાથીઓને એ પદ્યમાં રચેલું પ્રતિક્રમણ કંઠસ્થ છે, અને પ્રસંગોપાત, તેઓ મુખપાઠ પણ કરે છે. મુનિશ્રીના અત્યંત પ્રિય આત્મીયજન શ્રી બુધાભાઈ (જેઓ દીક્ષા લીધા પછી દયામુનિ થયા)એ મુનિશ્રી રચિત પ્રતિક્રમણ 'ત્રિવેણીસંગમ' - ૧. પાપનું પ્રાયશ્ચિત્ત, ૨. વંદિત્તુવાળું પ્રતિક્રમણ અને ૩. પતિતપાવન - એમ ત્રણ વિભાગમાં છે. આ ત્રણે વિભાગ મુનિશ્રીના કાવ્યસંગ્રહ 'સન્મુદા'માં છપાયા છે, એમાંથી 'વંદિત્તુ' અને 'નમોક્કાર', 'ચત્તારિમંગલ' - કેટલાક મિત્રોએ પણ પ્રગટ કરેલ છે.

તાજેતરમાં બાપજી મહારાજ (સાધ્વીજી લલિતાબાઈ મહાસતીજી) વગેરે સાધ્વી વૃંદ મહાવીરનગર ચિંચણીમાં નિવાસે છે ત્યારે સ્વાધ્યાય દૃષ્ટિએ રોજ રાત્રે પ્રાર્થના પછી બાપજી મહારાજે લખેલ પુસ્તક 'આલોચનાની આંખે - પ્રાયશ્ચિતની પાંખે' - કે જેમાં ભાવ પ્રતિક્રમણ ગુજરાતી ભાષામાં ગદ્યમાં લખ્યું છે. તેમાં પ્રાકૃત ભાષામાં બોલાતા પ્રતિક્રમણનું સુંદર, સરળ લોકભોગ્ય ભાષામાં, અર્થ સમજાવવા સાથે વિવેચન પણ છે.

દરમિયાન બાપજી મહારાજ અને તરુલતાજીના ભક્ત કે જેમણે શ્રીમદના અક્ષરદેહનું ઊંડું અધ્યયન કરેલ છે, તેઓ શ્રી અજિતભાઈ સાધ્વીજીનાં દર્શન કરવા ચિંચણી આવ્યા હતા, એમણે મુનિશ્રી રચિત 'વંદિત્તુ' પ્રતિક્રમણ માગ્યું. કાર્યાલયમા એક જ નકલ હોવાથી, તેમને આપી શકાઈ નહીં. પદ્ય કંઠસ્થ કરવું સરળ છે. ચર્ચામાંથી એમ તારણ નીકળ્યું કે બીજા પણ કેટલાક મિત્રો 'વંદિત્તુ' માગતા હોય છે. તો નવી આવૃત્તિ છપાવવી. રૂપિયા એક હજાર રોકડા આગોતરા ગ્રાહકના મળી ગયા, અને પરિણામે આ નાની પુસ્તિકા પ્રગટ થાય છે.

'સન્મુદા'માં આ ત્રણે પ્રકારનાં પ્રતિક્રમણો છપાયાં છે, તે છે એમ જ લીધાં છે. જેથી પ્રાકૃત, સંસ્કૃત અને ગુજરાતી એમ ત્રણેય ભાષામાં સમજી શકાય. સાથે ગુજરાતીમાં વિસ્તારથી કરેલા મુનિશ્રીના વિવેચનનો લાભ પણ મળે.

મોટા ભાગે મોંપાટની જેમ પ્રાકૃત ભાષામાં બોલાતા પ્રતિક્રમણને પદ્યમાં કંઠસ્થ કરીને અને ગુજરાતી વિવેચનથી વધુ સારી રીતે સમજી શકાશે. બાપજી મહારાજે લખેલું ભાવ પ્રતિક્રમણ પણ આ દૃષ્ટિએ ઘણું ઉપયોગી બને તેવું છે.★

મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર મુનિશ્રી લિખિત સાહિત્ય પ્રકાશનનું કામ ૬૦ વર્ષથી કરે છે. આ અપ્રાપ્ય એવું અને જીવન ઘડતરમાં ઉપયોગી બને તેવું સાહિત્ય છે. તેની નાની પુસ્તિકાનું પ્રકાશન કરીને એક ઉત્તમ કામ કર્યું છે. જૈન સંઘો, ઉપાશ્રયો વગેરે પ્રભાવનામાં આ પુસ્તિકા વહેંચશે તો તેનો બહોળો પ્રચાર થશે.

**- અંબુભાઈ શાહ**

---

★ પ્રકાશક : વિશ્વવાત્સલ્ય પ્રા. સંઘ
માતૃસમાજ બિલ્ડિંગ, કામાગલી, કિરોલ રોડ, ઘાટકોપર, મુંબઈ-૪૦૦ ૦૮૬.
પૃષ્ઠ : ૧૬૦, પડતર કિંમત રૂ. વીસ, જ્ઞાન પ્રચાર અર્થે રૂ. દસ.

---

# વિશિષ્ટ સમજ

જૈનધર્મ ગુણલક્ષી ધર્મ છે. એ કારણે જગતમાં જ્યાં જ્યાં સત્ય છે ત્યાં ત્યાંથી તે ગ્રહણ કરે છે. એથી જ માત્ર જૈન ધર્મીઓને જ મોક્ષ મળે છે અથવા જૈનોને જ ઈશ્વરદર્શન થાય છે અથવા આત્માનો સાક્ષાત્કાર થાય છે તેમ તે માનતો નથી. પરંતુ જેઓ જેટલા ગુણો પોતપોતાના ધર્મોમાં રહીને વિકસાવે તેટલે અંશે તેને તે સ્વીકારી લે છે તેથી પંદર ભેદે (પ્રકારે) સિદ્ધ થઈ શકે છે - મોક્ષ મેળવી શકે છે એમ તે કહે છે. અને ઈતર ધર્મોમાં પણ સિદ્ધ થઈ શકે - મોક્ષ મેળવી શકે છે. નરમાં સિદ્ધ થઈ શકે - મોક્ષ મેળવી શકે અને નારીમાં પણ સિદ્ધ થઈ શકે - મોક્ષ મેળવી શકે, ગૃહસ્થ ધર્મમાં પણ સિદ્ધ થઈ શકે - મોક્ષ મેળવી શકે. તેવી રીતે સંન્યાસી ધર્મમાં પણ સિદ્ધ થઈ શકે - મોક્ષ મેળવી શકે.

જૈનધર્મ ગુણલક્ષી હોવાને કારણે તેના પંચ પરમેષ્ઠિ (પરમ સ્થાન પર રહેલા) મંત્રમાં પણ ગુણ સિવાય કોઈ વ્યક્તિનું નામ નથી. તેવી જ રીતે આ "ચત્તારિમંગલં'માં પણ ગુણ સિવાય વ્યક્તિ વિશેષનું નામ છે જ નહીં તે આપણે જોઈ ગયા છીએ. પહેલો સવાલ અહીં એ ઊઠે છે કે અરિહંતનું નામ પહેલું શા માટે ? કારણ કે તેઓ ભલે વીતરાગી રહ્યા ! પણ શરીરધારક છે. જ્યારે સિદ્ધ શરીર રહિત અને સકલ કર્મ રહિત છે. જેથી તેઓ અરિહંત કરતાં ઉચ્ચસ્થાને પહોંચ્યા છે; તેમ કહી શકાય. આનું સમાધાન એ છે કે સિદ્ધગતિ તો બીજાઓને તારી નહીં શકનાર પણ માત્ર બીજાઓને તારવાની ઈચ્છા રાખનાર પણ થઈ શકે છે. જ્યારે અરિહંત પદ તો તેમને જ મળી શકે છે કે જેઓ પોતે તરે છે અને બીજાઓને તરવાનો રસ્તો બતાવે છે. ટૂંકમાં જૈન ધર્મમાં તરવા સાથે તારવાની વાત બરાબર જોડાયેલી છે. કારણ પૂર્ણ મોક્ષ અથવા પૂર્ણ પરમાત્મ-પદની પ્રાપ્તિ તેમની જ થઈ શકે છે કે જેઓ પોતાના શરીર-વ્યાપી આત્માની સાથોસાથ વિશ્વવ્યાપી આત્મા એટલે કે વિશ્વના પ્રાણીમાત્રમાં રહેલા આત્મા સાથે એકતા સાધે છે.

# સામાયિક અને પ્રતિક્રમણ

જૈનોમાં સામાયિક અને પ્રતિક્રમણ એ બે શબ્દો વધારે પ્રચલિત છે. સામાયિકમાં અડતાલીસ મિનિટ લગી વાંચન, મનન અને નિદિધ્યાસન કરીને સમતાયોગ સાધવાનો હોય છે. સાધુઓ અને સાધ્વીઓ સમતાયોગને સાધીને જ દીક્ષિત થાય છે. એટલે એમને સામાયિક કરવાનું હોતું નથી. કારણ કે ચોવીસે કલાક એમની સામાયિક હોય છે. પણ ગૃહસ્થાશ્રમી શ્રાવક-શ્રાવિકાઓ સામાયિક કરે છે. એટલે કે સમતાયોગ સાધવાની તાલીમ મેળવે છે.

પ્રતિક્રમણ એટલે આખા દિવસમાં જે જે કંઈ ક્રિયાઓ (મનથી, વચનથી અને કાયાથી) કરી હોય તેનું ચિંતન કરવાનું હોય છે. જેને આલોચના શબ્દથી ઓળખાવવામાં આવે છે. એમાં જે ભૂલ દેખાય છે તેનું નિંદામણ કરવાનું હોય છે. જેને નિંદના શબ્દથી ઓળખવામાં આવે છે. એવી જ રીતે સારી વસ્તુ સ્થાપવાની હોય છે. એટલે કે ભૂલોને દૂર કરી નવા સંકલ્પો કરવાના હોય છે. જેને ગર્હણા કહેવામાં આવે છે. આ પ્રતિક્રમણમાં ક્ષમાપનાનો પાઠ પણ આવે છે.

ક્ષમાપના એટલે માફી માંગવી. ખાસ કરીને અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓની ક્ષમા માગવાની હોય છે. એવી જ રીતે પ્રાણીમાત્રની પણ ક્ષમા માગવાની હોય છે. જેવો અપરાધ કે ભૂલ ખ્યાલમાં આવે કે તરત (પાણીવાળી હાથની રેખા સુકાય નહીં તે પહેલાં) માફી માગી લેવી જોઈએ. આમ બધા ધર્મો પોતાના છે અને તેથી કોઈપણ ધર્મની અસાતના (અપમાન) અવિનય, અભક્તિ કે અપરાધ નહિ કરવો જોઈએ અને કદાચ થઈ જાય તો તેની તુરત માફી માગી લેવી જોઈએ. આ છે પ્રતિક્રમણનો સાર.

મારા રણાપુરના સમૌન એકાંતવાસમાં - તે સમયના કાષ્ઠમૌનમાં, જે કંઈ લખાતું તેમાં એક પ્રકારનું કુદરતમય જીવનનું ઓજસ હતું. આજે પણ જ્યારે એ દિવસો યાદ કરું છું ત્યારે એક અવનવો રોમાંચ ખડો થાય છે. આ પ્રતિક્રમણો તે દિવસોની પ્રસાદીરૂપ છે.

**- સંતબાલ**

# આત્માનો અરીસો

પૂજ્ય મુનિશ્રી સંતબાલજીએ 'શ્રી વંદિત્તુ સૂત્ર' પર જે કાવ્યની રચના કરી છે તે ખરેખર તેઓની કાવ્યશક્તિ, ઊંડું ચિંતન અને ચારિત્ર પ્રત્યેની જાગૃતિનાં દર્શન કરાવે છે.

એક એક વ્રતોના ભાવોને કાવ્યમાં એટલા સરલ અને સરસ રીતે ગૂંથ્યા છે કે તેમાં કોઈ ભાવ રહી જવા કે છૂટી જવાને બદલે ભાવોની ભરતી દેખાય છે. એ એમની સાધના અને જાગૃતિની ઝલક છે, એ સ્પષ્ટ રીતે પુરવાર થાય છે.

તેઓશ્રીની જાગૃતિની એક એક વાત સાંભળીએ ત્યારે આપણને સ્પષ્ટપણે સમજાય છે કે તેઓશ્રીનું તન પરોપકારમાં અને મન આત્મસાધનામાં યા આત્મસંશોધનમાં રહેતું હશે. સેવાનાં કાર્યો ઉપરાંત તેઓએ સાહિત્ય સર્જન પણ ઘણું કર્યું છે. તે તેઓમાં રહેલી એક આગવી શક્તિ અને ઉદાત્ત ક્ષમતાનું પરિણામ છે. વળી તેઓમાં નિર્લેપતા અને નિસ્પૃહતા પણ કેવી અદ્ભુત હશે કે સેવા કાર્ય વિષે ગંભીર વિચારણા પૂરી થતાં જ તુરત જ લેખનકાર્યમાં જોડાઈ જતા. લેખનકાર્યમાં અગાઉની વાતો વચમાં ડખલગીરી કરી શકતી નહિ. કેવી હશે તેઓની કાર્ય પ્રત્યે નિષ્ઠા ? તેઓ તુરત જ લેખનકાર્યમાં ચિત્તને કેવી રીતે સ્થિર કરી શકતા હશે ? ચિત્તની આ ભૂમિકા જ તેઓનાં આત્મભાનને પ્રગટ કરે છે.

વળી તેઓશ્રીની આત્મઆરસી કેવી સ્વચ્છ હશે કે જેમાં પડેલ એકાદ ડાઘ પણ તેઓ માટે અસહ્ય હોય અને તેથી જ એ ડાઘને ભૂંસી આરસીને સ્વચ્છ કરવાનાં ભાવો આ પ્રતિક્રમણમાં ભર્યાં છે. કહ્યું છે :

**'જ્ઞાન દર્શન ચારિત્ર, ત્રિપુટી નિજ ભાવની;**
**સ્વચ્છ એ આરસી મારી, ડાઘા લૂછી પ્રતિક્રમું.'**

આત્માના શુદ્ધ સ્વભાવ રૂપ ધર્મને પ્રાપ્ત કરવા જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ અને વીર્ય એ પાંચ આચારો કહ્યાં છે. તેમાં જ્ઞાન, દર્શન, ચારિત્રની ત્રિપુટી મુખ્ય છે. એનાં પાલન દ્વારા આત્મસ્વરૂપની ઝાંખી થાય છે તેથી આ ત્રિપુટીરૂપી દર્પણ એ આત્માનો ખરો અરીસો ગણાય છે. એ અરીસામાં જોઈ પોતાના શીલને શુદ્ધ બનાવવા માટે બધા દોષોને લૂંછી-ભૂંસી નાખી દૂર કરવાં અને શુદ્ધિ પ્રાપ્ત કરવા નાના-મોટાં દોષોને નિંદી, ગર્હી, ફરી તે દોષ ન થાય તેવા સંકલ્પ સાથે તેનાથી પાછા વળવા પ્રતિક્રમણ કરવાનું હોય છે.

આવા ભાવો ઉપરોક્ત ગાથામાં સંતબાલજીએ રજૂ કર્યાં છે.

સહુ જીવો પોતાની આત્મ આરસીને, આ વંદિત્તુ પ્રતિક્રમણ દ્વારા સ્વચ્છ બનાવે, એ ભાવના સાથે.

ચિંચણ, તા. ૫-૩-૯૭ **લલિતાબાઈ મહાસતીજી**

# મુનિશ્રી સંતબાલજીનાં પુસ્તકો

અનંતની આરાધના
અભિનવ ભાગવત : ૧, ૨
અભિનવ રામાયણ
અભિનવ મહાભારત : ૧, ૨
આચારાંગ સૂત્ર
આદર્શ ગૃહસ્થાશ્રમ
આપણી ભૂલ ક્યાં છે ?
શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર
ક્રાન્તિનો યુગસ્રષ્ટા : ધર્મપ્રાણ લોંકાશાહ
ગામડાનું હૃદય
ગુરુદેવ નાનચંદ્રજી મહારાજ
  જન્મશતાબ્દી સ્મૃતિગ્રંથ
ચિત્ત ચારિત્ર્ય વિશુદ્ધિ
જગદંબાના પત્રો
જૈન દૃષ્ટિએ ગીતા દર્શન : ૧, ૨
જૈન સિદ્ધાંત પાઠમાળા ૧ થી ૭ ભાગ
દશવૈકાલિક સૂત્ર
ધર્મદૃષ્ટિએ સમાજરચના
ધર્માનુબંધી વિશ્વદર્શન ભાગ ૧ થી ૧૦
ધાર્મિક દૃષ્ટિ અને સમાજવાદ
નળકાંઠાનું નિદર્શન
નારીને ચરણે
પર્યુષણ પ્રભાવના
પર્વ મહિમા
પોષી પૂનમ
પ્રશ્નોત્તરી અને પ્રાસંગિક
પ્રાર્થના-પ્રવાહ
બ્રહ્મચર્ય જ્યોત
બ્રહ્મચર્યની સાધના
ભગવતીસૂત્ર
માનવતાનું મીઠું જગત ૧થી ૪ ભાગ
(પ્રવક્તા - મુનિ નાનચંદ્રજી
  લેખન-સંપાદન-સંતબાલ)
મૃત્યુકાળે અમૃત ખોળો
યૌવન
લોકલક્ષી લોકશાહી
વંદિત્તુવાળું પ્રતિક્રમણ
વિશ્વવત્સલ મહાવીર
સમક્તિની સમજણ
સન્મુદા
સમાજગીતા
સંતબાલ પત્રસુધા - ૧, ૨
સંતબાલ સ્મૃતિગ્રંથ - ૧, ૨
સંસ્કારપોથી
સર્વધર્મ પ્રાર્થના પીયૂષ
સર્વધર્મ પ્રાર્થના (પોથી)
સાધક સહચરી
સાધુતાની પગદંડી ૧, ૨, ૩
સિદ્ધિનાં સોપાન
સુખનો સાક્ષાત્કાર
સ્ફુરણાવલી
સ્મરણશક્તિ

# પાપનું પ્રાયશ્ચિત

(आर्या)

परमप्पाणं नत्ता कडे कारिए य बहिरप्पदोसे ।
मणवाचाकायेहिं ते निन्दामि गरिहामि वोसिरामि ॥ १ ॥

**संस्कृतच्छाया**

परमात्मानं नत्वा कृतान् कारितान् च बहिरात्मदोषान् ।
चेतोवाचाकायैः तान्निन्दामि, गर्हे च व्युत्सजामि ॥ १ ॥

(આર્યા)

પરમાત્મા પ્રણમીને, પાપ બધાંને પ્રતિક્રમું આજે,
મન વાણી કાયાથી દોષો, નિંદી શુદ્ધ બનું આજે. ૧

પરમાત્માને નમસ્કાર કરીને (પછી) મન, વચન અને કાયાએ કરી બહિરાત્મભાવે મેં (અનુષ્ઠાનાદિમાં અથવા વ્યવહારમાં) જે દોષોનું સેવન કર્યું છે, યા તો કરાવ્યું છે, તે બધા દોષોને (તેમની સાક્ષીએ) નિંદું છું. તેની ગર્હણા કરું છું તથા તજવાની પ્રતિજ્ઞા કરું છું.

(उपजाति)

सत्तेसु मित्ती ण किलिट्ठवग्गे
किवा तितिक्खा ण य वेरिवग्गे ।
पमोयभावो न गुणाहियेसु
तमेव दुक्खं खलु मे मणम्मि ॥ २ ॥

सत्त्वेषु मैत्री न च दुःखिवर्गे
कृपा तितिक्षा न च वैरिवर्गे ।
प्रमोदभावो न गुणाधिकेषु
तदेव दुःखं खलु मानसे मे ॥ २ ॥

(ઉપજાતિ)

પ્રમોદ જાગે ન ગુણીજનોમાં
મૈત્રી ન જામે જગજંતુઓમાં;

દિલ દ્રવે ના જન દુઃખ દેખી
તે કષ્ટનું મૂળ મને જણાયે. ૨

અનેકવિધ દુઃખોથી આત્મા પીડાઈ રહ્યો છે. તેમાં પણ શારીરિક કરતાં માનસિક વ્યાધિઓ કઠોર અને ક્રૂર હોય છે. તે બધા દુઃખનું મૂળ ક્યાં છે તે વિચારતાં, ચિંતવતાં આજે એ ભૂલનું ભાન થયું છે તેથી જ આત્મધર્મના ઘાતક એ દોષોથી નિવૃત્ત થવા માટે ભાવ પ્રતિક્રમણ આદરું છું.

## દુઃખનાં મૂળભૂત ચાર કારણો

હું આજ સુધી પ્રત્યેક જીવ પ્રત્યેનો મિત્રભાવ કેળવી શક્યો નથી તેથી જ વૈરીનો ભય રહે છે. અને તે ભયથી બચવા માટે અનેક અંગરક્ષકોની જાળ પાથરવી પડે છે. એટલે દુઃખનું પ્રથમ કારણ જીવો પ્રત્યેની અમિત્રતા છે.

બીજું દુઃખી અને દલિતવર્ગ પ્રત્યે દયા ધરી નથી, તેના અપરંપાર અસહ્ય દુઃખોને જોવા છતાં દાઝ ઉદ્‌ભવી નથી તે બીજું કારણ છે.

ત્રીજું મેં પોતાની મેળે જ વેરને જન્મ આપ્યો છે. અને તે વૈરી જ્યારે મારી પાસે લેણું લેવા આવે છે ત્યારે મારી સહનશીલતા ગુમાવું છું. અને પાપનું વ્યાજ ચડાવું છું તે દુઃખનું ત્રીજું કારણ છે.

મારાથી અનેક વિષયમાં અતિ અતિ ઉત્કૃષ્ટ ગુણને ધારણ કરનાર જીવો પર પણ મને પ્રેમભાવ સ્ફુરતો નથી. અર્થાત્ પ્રમોદ ભાવના શુષ્ક થઈ છે. એ દુઃખનું ચોથું કારણ છે.

આ ચાર કારણો એ મારા દુઃખનાં મૂળ છે. અને તે જ દુઃખ મારા મનમાં થાય છે. આટલું વિચારી હવે પશ્ચાત્તાપનો પ્રારંભ કરું છું.

अइक्कमो वयवइक्कमोवा
कुबुद्धिओ सो अइयार दोसो ।
कडो अणायार पमायओ ते
दासे खु निन्दामि पडिक्कमामि ॥ ३ ॥

व्यतिक्रमो च व्लतलङ्घनं वा
कुबुद्धितः सोप्यतिचारदोषः ।
कृतस्त्वानाचार इह प्रमाद्य
दोषान् हि निन्दामि विचिन्तयामि ॥ ३ ॥

કુબુદ્ધિથી હું વ્રતને ઉલંઘ્યો
પ્રમાદથી મેં અતિચાર કીધો;
અરે ! અનાચાર ઘણા કર્યા મેં
નિંદી બધા દોષ પ્રતિક્રમું છું. ૩

હું શ્રાવક છું એટલે મનુષ્યધર્મથી ઉચ્ચ ભૂમિકા પર છું. તેથી સામાન્ય મનુષ્યો કરતાં મારી જવાબદારી વધે છે. મારાં વ્રતોમાં વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર ઈત્યાદિ દોષોને પ્રમાદથી કે ભૂલથી મેં કર્યા હોય તેની ખરેખર આજે નિંદા કરું છું અને તે દોષોથી નિવૃત્ત થવાં પ્રયત્ન આદરું છું.

पञ्चेंद्रिये वा विगलिन्द्रिएवा,
निदोसिणे वावि अनाणदोसे ।
कहं हणेमित्ति मणम्मि णच्चा,
हिंसाए चित्तं विणिवारयामि ॥ ४ ॥

पञ्चेंन्द्रियान् वा विकलेन्द्रियान वा
निर्दोषिणोऽज्ञानदशाजदोषान् ।
हन्याम् कथं वेति विचार्य चित्ते
मनो मदीयं विनिवारयामि ॥ ४ ॥

પંચેન્દ્રિયો કે વિકલેન્દ્રિયોને
શાથી અરે ચિત્ત ! હણી દુભાવ્યાં ?
સંકલ્પ આજે સવળો કરીને
હિંસાથી મારા મનને નિવારું. ૪

પંચેન્દ્રિયોને કે વિકલેન્દ્રિયોને તથા જે તદ્દન નિર્દોષ જ છે અથવા જેના માત્ર અજ્ઞાનવશાત જ દોષ થયેલ છે તેવા ક્ષુદ્ર પ્રાણીને અરેરે મેં કેમ દુભાવ્યાં ? હવેથી શુદ્ધ સંકલ્પ કરી હિંસાથી મારા ચિત્તને નિવારવા પ્રયત્ન કરું છું.

एगिंदियाणं तसथावराणं
वहो सिया जम्मि कडम्मि कज्जे ।
अणुवजोगो ण भवामि तथ्य
दोसोऽज्ज जाओ तमिमं दलेमि ॥ ५ ॥

एकेन्द्रियस्थावरजङ्गमानाम्
यस्मिन् वधः स्याद्धि कृते च कार्ये ।
विवेकहीनो न भवामि तत्र
दोषोऽद्य जातस्तमिमं दलामि ॥ ५ ॥

જ્યાં સૂક્ષ્મ જંતુ અધિકાં હણાયે
તે દોષનું કાર્ય ખરું ગણાયે;
વિવેક ને સંયમ આજ શીખી
તે દોષને હું ન કરું હવેથી. ૫

અને સૂક્ષ્મ પ્રાણીમાં પણ જેવાં કે એકેન્દ્રિય જીવો જે માત્ર દેહધારી, સ્થાવર અને ત્રસરૂપે જગતમાં વ્યાપ્ત છે તેનો પણ જે કાર્ય કરવાથી આત્યંતિક વધ થઈ જતો હોય તો તેવા કામમાં ત્યાં વિવેકહીન હવેથી નહિ થાઉં અર્થાત્ કે દરેક કાર્યમાં વિવેક રાખીશ. પરંતુ આજે તેવી ક્રિયામાં સૂક્ષ્મ જીવો સુધીની પણ અજાણતાં જે વિરાધના થઈ ગઈ હોય તે દોષનું દલન કરું છું.

कुटुम्बभूयाण जणाण हिंसा
कायेण कज्जेण मणेण वाया ।
मए कडा अन्नकडा वि मज्झम्
तं दुक्कडं वाऽज्ज करेमि मिच्छा ॥ ६ ॥

कुटुम्बिरूपान् हि जनान् निपीड्य
कायेन हिंसा मनसा च वाचा ।
मया कृताऽन्यः प्रकृताऽपि मह्यम्
तदुष्कृतं वाऽद्य करोमि मिथ्या ॥ ६ ॥

અરે ! પડોશી (કુટુંબી)જન લાગણીને
હા ! કર્મ વાણી મનથી દુભાવી;
તે સૂક્ષ્મ હિંસા પણ દોષપુંજ
દુષ્કર્મ તે આજ બધું પ્રજાળું. ૬

કુટુંબરૂપે રહેલા જનોની હિંસા (પ્રાણવ્યપરોપણ રૂપ) કાયાથી જે કર્મથી, વાચાથી કે મનથી મારા વડે કરાઈ હોય અથવા બીજાથી મારે માટે થઈ ગઈ હોય કિંવા કોઈની લાગણી દુભાઈ હોય તો તે દુષ્કૃત-પાપને આજ પ્રાયશ્ચિત્ત દ્વારા મિથ્યા કરું છું.

॥ निजात्मानमुद्दिश्य भावना भाव वितव्या ॥

ण हिंसिवव्वा वि कयावि पाणा
मरन्ति देहा न मरन्ति दोसा ।
सन्ति त्थ दोसा विणिवारणिज्जा
हिंसाउ एवं बिरमेज्ज सिग्घम् ॥ ७ ॥

नहिंसितव्या अपि जन्तवस्ते
देहा भ्रियन्ते न च दोषसङ्घां ।
सन्त्यत्र दोषा विनिवारणीया:
एवं वधाद्वा विरमेच्च शीघ्रम् ॥ ७ ॥

પ્રાણી જનો કો હણશો ન તેથી
હણાય દેહો ન હણાય દોષો;
શોધી હણો દોષતણું જ મૂળ
હિંસા થકી ચિત્ત તમે નિવારી. ૭

મહાપુરુષો એ જ કહે છે કે “કોઈ દિવસ કોઈ જીવોના પ્રાણ હરવા નહિ, કારણ કે તેમ કરવાથી દેહ ભલે નાશ પામે, પરંતુ દોષો નાશ પામતા નથી. માટે જ્યાંથી દોષો જન્મે છે તે મૂળ શોધી તેને જ હણો.” (આ પ્રમાણે ચિંતવીને હિંસાથી જલદી વિરમી શકાય છે.)

दिस्सन्ति लोए खलु पाणिणो जे
सव्वेऽवि अप्पा तव बंधुणो ते ।
तुमंसि वा ते हणसे किमट्ठम्
विवेयाचिंते कुण मोहमूढा ? ॥ ८ ॥

दृश्यन्त एवं खलु जन्तवो ये
सर्वेऽपि चात्मन् तव बन्धवस्ते ।
किं हन्सि तान् त्वं च निजस्वरूपान्
विवेकचिन्ते कुरु मोहमूढ ? ॥ ८ ॥

દેખાય આ વિશ્વતણાં જ પ્રાણી
સૌ ઇચ્છતાં મિત્ર થવા ન વૈરી.
આત્મા બધા છે સ્વસમાનરૂપ
શાને હણે મૂઢ ! વિવેકશૂન્ય ! ૮

હે આત્મન્ ! અખિલ વિશ્વમાં જે જીવો દેખાય છે તે બધા તારા સમાન જ સુખને ઇચ્છે છે, કોઈ દુઃખને ઇચ્છતું નથી; તો શા માટે તેઓની હિંસા કરે છે ? શા માટે તેમને દુઃખ આપે છે ? હે મોહાંધ ! મોહમાં મસ્ત થયેલા મૂઢ ! તું જરા વિવેક અને વિચાર તો કર કે હું શું કરું છું ? (આવી ભાવના લાવી હિંસાથી નિવૃત્ત થઈ શકાય છે.)

वाणिज्जकज्जे अहवाऽन्नकज्जे
लोभंसि रत्तेण मए अदट्टु ।
मुसा अजुत्तं कहियं कडं वा ।
असच्चिदोसाउ पडिक्कमामि ॥ ९ ॥

वाणिज्य कार्येऽप्य थवाऽन्ककार्ये
लोभे च रक्तेन मयाप्यदृष्ट्वा ।
मृषा प्रयुक्तं कथितं कृतं वा
असत्यदोषाद्धि निवर्तयेऽहम् ॥ ९ ॥

વ્યાપારમાં કે બહુ અન્ય સ્થાને
લોભી બની મેં સુવિચારશૂન્ય;
કીધા દગા કૈંક મૃષા પ્રપંચ
તે તે હણું આજ અસત્ય દોષ. ૯

વ્યાપારના કાર્યોમાં અથવા તેવાં કે બીજાં કાર્યમાં સ્વાર્થ માટે ખોટી સાક્ષી આપેલ હોય કે અસત્ય લેખન કર્યું હોય, તેમજ લોભમાં રાચી રહી મારાથી બીજું કશું ફળ વિચાર્યા વગર, જોયા વગર ખોટું કહેવાયું હોય કે કરાયું હોય અથવા અયુક્ત પ્રવર્તાયું હોય તો તે જાતના અસત્યના દોષથી હવે પાછો ફરું છું. (નિવૃત્ત થાઉં છું.)

सच्चं खु सव्वस्स वयस्स मूलं
जत्थत्थि तं तत्थ सुहं च नाणं ।
अतोहि सच्चं वयसा भणेणं
कायेण फासेज्ज खु णिच्छयो मे ॥ १० ॥

व्रतेषु सत्यव्रतमुत्तमं वा
यत्राऽस्ति तत्तत्र सुखं विवेकः ।
सत्यं ह्यतोऽहम् मनसा च वाचा
स्प्रक्ष्यामि कायेन विनिश्चयो मे ॥ १० ॥

છે સત્ય એ સૌ વ્રતનું જ મૂળ
જ્યાં સત્ય ત્યાં જ્ઞાન સુશાન્તિ મૂળ;
તે સત્યમાં હું મન દેહ વાણી
જોડીશ એ નિશ્ચય આજ મારો. ૧૦

ખરેખર સત્ય વસ્તુ સૃષ્ટિભરમાં પ્રધાનભૂત છે; માટે બધાં વ્રતોમાં તેની અગત્ય છે. અર્થાત્ કે સર્વ વ્રતોનું મૂળ સત્ય છે. અને જ્યાં તે છે ત્યાં જ સુખ અને ત્યાં જ સાચું જ્ઞાન છે. (આ મહાપુરુષોનું કથન છે.) માટે હું તે પર ધ્યાન આપીને પરમ સત્યનો મનથી, વચનથી અને કાયાથી સ્પર્શ કરીશ. આ જાતનો ખરેખર હું નિશ્ચય કરું છું.

खज्जं च पेयं वसणं परेसिं
आणं विणा अज्ज धणाइ णीयं ।
आणाए किंवा अहियं गहीयं
अदत्तदोसाउ पडिक्कमामि ॥ ११ ॥

खाद्यं च पेयं वशनं परेषाम्
आज्ञां विनाऽद्यापि धनादि नीतम् ।
आवश्यकाद्वाप्यधिकं गृहीतम्
अदत्तदोषाद्धि निवर्तयेऽहम् ॥ ११ ॥

ખાધું પીધું વસ્ત્ર સજ્યાં મજાનાં
આનંદ લૂંટ્યો ધનથી બીજાનાં;
કીધા બધા શોખ અરે નકામા
તે સ્તેયના દોષ હવે નિવારું. ૧૧

ખાવાની વસ્તુ, પીવાની વસ્તુ કિંવા વસ્ત્ર કે ધન જે પરાયા મનુષ્યની આજ્ઞા વિના લેવાઈ ગયું છે કિંવા ખોટા મોજશોખ પૂરા કરવા સારુ જેટલું આવશ્યક હતું તેનાથી અધિક વાપર્યું છે તે ખરેખર મેં (જગતની) ચોરી કરી છે. માટે તેવા સૂક્ષ્મ અદત્ત દોષથી પણ નિવર્તવા પ્રતિક્રમણ કરું છું.

अप्पं पदिज्जा अहियं गहाय
निजट्ठमेतं हि अणत्थ खाणी ।
जावस्सयं तं सुमइं गहित्ता
अदत्तदोसे ण करोमि केवि ॥ १२ ॥

अल्पम् प्रदद्यामधिकं गृहीत्वा
निजार्थमोतत्तादनर्थपुञ्ज: ।
आवश्यकं तत्सुमतेर गृहीत्वा
अदत्तदोषान्न च तान् करोमि ॥ १२ ॥

સ્વાર્થી બની મેં ધન અલ્પ આપી
લીધું વધુ કાર્ય જ અન્ય પાસે.
રે રે અનર્થો બહુ સ્વાર્થકાજે
છાજે ન તે દોષ હવે તજું છું. ૧૨

પોતાના સ્વાર્થ માટે વધુ લઈને ઓછું આપવું. (જગતમાં સાધનો પોતે લૂંટી લેવાં) આ ખરેખર અનર્થની જ ખાણ છે. માટે હું સદ્‌બુદ્ધિપૂર્વક જેટલું મને આવશ્યક છે તેટલું જ લઈને મારું જીવન ચલાવું અને અદત્ત દોષોને કદી ન કરું એવી પ્રતિજ્ઞા કરી થયેલા દોષથી નિવૃત્ત થાઉં છું.

इत्थी मणेणं सुमिणे परेसिं
ज्ञाया व कायेण च भोगभुत्ता ।
मए कडो सिट्टिविरुद्धसंगो
तं दुक्कडं वाऽज्ज करोमि मिच्छा ॥ १३ ॥

ध्याता परेषाम् मनसा च दारा
भुक्ता परस्त्री विषयान्धलेन ।
मया कृता: सृष्टि विरुद्ध संङ्गां
तद् दुष्कृतम् वाऽद्य करोमि मिथ्या ॥ १३ ॥

કીધી કુદૃષ્ટિ પરદાર દેખી
સેવી પરસ્ત્રી વિષયાંધભાવે
કીધા અરે સૃષ્ટિવિરુદ્ધસંગો
દુષ્કર્મ તે મૂળ થકી પ્રજાળું. ૧૩

પરસ્ત્રીનું (પરણેલી સ્ત્રી સિવાયની સ્ત્રીનું) મનથી કુભાવે ચિન્તવન કર્યું હોય અથવા સ્વપ્નમાં પણ કુભાવના ભાવી હોય કિંવા કાયાથી ભોગવી હોય અથવા સૃષ્ટિવિરુદ્ધ કોઈ સંગ કર્યો હોય, તે બધું દુષ્કૃત (પાપ) મૂળથી જ આજે પ્રજાળવાનો નિશ્ચય કરું છું.

भज्जा वि सेवासुहमित्तरूवा
विचारगेहं न विगारगेहं ।
अतोह्मि भज्जाइ विकारहीणं
पेमं करिस्से इह णिच्छयो मे ॥ १४ ॥

भार्याऽपि सेवा सुख मित्ररूपा
विचारगेहं न विकारगेहम् ।
पत्न्या अतौऽहं रहितं विकारैः
स्नेहं करिष्यइति निश्चयो मे ॥ १४ ॥

ભાર્યા સખા ને સત્ પ્રેમપાત્ર
સદ્ રત્નદાત્રી ન વિકારપાત્ર;
માની સદા હું સહચારિણીથી
રાખીશ સુસ્નેહ ખરો હવેથી. ૧૪

વળી સ્વકીય સ્ત્રી પણ સેવા કરવામાં અને સુખ આપવામાં કિંવા સહાય કરવામાં મિત્રસમાન છે, વળી મૂંઝવણ કે મુસીબત માટે તે વિચારનું ઘર છે, સુમતિ આપનાર છે. નહિ કે તે વિકારનું ઘર છે કે મશીન છે. માટે હવેથી હું તેમના પર પણ (પોતાની પરણેતર સ્ત્રી પર પણ) વિકારરહિત શુદ્ધ પ્રેમ રાખીશ એ મારો દૃઢ નિશ્ચય છે.

अन्नस्स कन्ना मम विक्कीया वा
बुड्ढेण सड्ढी कियबाललग्गम् ।
अप्पट्ठमनस्स य भोगहाणी
कडाऽइयाराण करेमि सुद्धिम् ॥ १५ ॥

अन्यस्य कन्या मम विक्रीता वा
वृद्धेण सार्धं कृतबालग्नम् ।
आत्मार्थमन्यस्य च भोगहानिः
कृताऽघवर्गस्य करोमि शुद्धिम् ॥ १५ ॥

વેચી સુતા વિત્ત લઈ બુઢાને
કીધાં હશે મેં અણમેળ લગ્ન,
સ્વાર્થે ઠગ્યાં કૈંક સુદંપતીને
તે દોષની આજ કરું વિશુદ્ધિ. ૧૫

બીજાની કે મારી પોતાની કન્યાને વેચી વિક્રય કરી પૈસા લીધા હોય, વૃદ્ધ વરની સાથે કોઈના વિવાહ જોડી આપ્યા હોય, બાળલગ્ન કર્યાં હોય કે પોતાના સ્વાર્થ માટે અન્યના ભોગો રૂંધ્યા હોય ઇત્યાદિ ચતુર્થ વ્રતના અતિચારોની આજે વિશુદ્ધિ કરું છું.

सव्वेन्दिये णं वि वसीकरित्ता
रसिंदियं वा अहियं च गेज्झम् ।
चिंतेमि दिस्सन्ति इमा खु नारी
सव्वा वि ता मे जणाणीसमाणा ॥ १६ ॥

संयम्य नित्यं सकलेन्द्रियाणि
जीह्वेन्द्रियं वाप्यधिकं च बोध्यं ।
जानामि द्रश्यन्त इमा हि नार्यः
सर्वास्तु ता मे जननीसमाना ॥ १६ ॥

રાખી સદા સંયમ ઇંદ્રિયોનો
સૌ જીભના સ્વાદ હવે જીતીને;
વિકાર ને ભોગવિલાસ છોડી
સ્ત્રીમાત્ર માનું જનની સમાન. ૧૬

વળી પવિત્ર બ્રહ્મચર્યને અખંડ ટકાવવા સારુ પ્રત્યેક ઇંદ્રિયોને કાબૂમાં લઈને અને તેમાં પણ રસનેન્દ્રિયને તો અધિક જ વશ કરીને (કારણ કે જનનેન્દ્રિય સાથે રસનેન્દ્રિય દ્વારા ઉત્તેજનાનો વિશેષ સંબંધ છે. આ પ્રમાણે બહારનો સંયમ કરીને) જગતભરમાં જે સ્ત્રીઓ દેખાય છે તે સર્વે મારી માતા સમાન છે તેમ ચિંતવું છું. (જેથી ક્રમશઃ વિકારનો નાશ થતો જશે અને હું બ્રહ્મચારી બનીશ.)

धणे धराए ललणासुएसु
ममत्तभावो परवत्थुभज्झे ।
आरंभ जुत्तोविहलोह्मि तेणं
संसारपारं च कहं गमिस्से ॥ १७ ॥

धने धरायां ललनासुतेषु
ममत्वभावो परवस्तुमध्ये ।
आरम्भयुक्तो विकलोऽस्मि तेन
संसारपारं च कथं गमिष्ये ॥ १७ ॥

ધને ધરામાં સુત કામિનીમાં
પદાર્થમાં રાગ મમત્વ પોષ્યું;
અધર્મમાં વ્યાકુળ ચિત્ત તેથી
સંસારમાં શાંતિ ન લેશ પામે. ૧૭

ધનમાં, જમીનમાં, યુવતીના મોહમાં અને પુત્રો પર તથા દેહાદિ પર, વસ્તુ પર મારો ખૂબ મમત્વ ભાવ છે; જેથી હું આરંભમાં જોડાઈ રહું છું, વિહ્વળ-વ્યાકુળ રહ્યા કરું છું. તો સંસાર પાર કેમ જઈ શકીશ ?

संमीलिअं वत्थु न होइ ताणं
चिच्चा गया भूमिधरा खु सव्वे ।
अप्पंसि काले करणिज्जकम्मं
अप्पा मणुस्से कुण तं भवम्मि ॥ १८ ॥

न मीलितं वस्तु करोति रक्षाम्
त्यकत्वा गता भूमिधरा हि सर्वे ।
अल्पे च काले करणीयकर्म
आत्मन् कुरुत्वं नरजन्म लब्ध्वा ॥ १८ ॥

સંચેલ આ વસ્તુ ન શર્ણ આપે
મૂકી સિધાવ્યા નર કૈંક શાણા;
છે અલ્પ આયુ કર કર્મ સારું
હે આત્મ ! તું આ નર દેહ પામી. ૧૮

અરેરે, આ એકઠી કરેલી, સાચવી સાચવીને સંઘરી મૂકેલી કે અકસ્માત મળેલી કોઈ વસ્તુ શરણરૂપ થતી નથી. તેને તજીને તો ખરેખર અનેક સાર્વભૌમ મહારાજાધિરાજો (રાવણ, પાંડવો કે રામ જેવા) ચાલ્યા ગયા તો હે આત્મન્ ! ઉચ્ચ એવા મનુષ્યભવમાં કાળ તો બહુ થોડો છે. માટે કરવાનું કાર્ય કર (બીજી ચિંતા છોડી દે).

लोहेण लाभस्स विदेसमेच्च
दिसाइकन्ताऽन्नजणस्स दाए ।
पणे वणत्था पगडा अणेगे
पावाउ रेऽताउ पडिक्कमामि ॥ १९ ॥

लोभेन लाभाय विदेशमेत्य
दिग्लङ्घिता चाऽन्यजनस्यदाये ।
पणे त्वनर्थाः प्रकृता अनेके
पापद्धितस्माच्च निवर्तयेऽहम् ॥ १९ ॥

મળ્યું ઘણું તોય ન લોભ છૂટ્યો
વિદેશ આવી કરતાં કમાણી;
વ્યાપારમાં પાપ અનેક કીધાં
દુષ્કર્મ તે સર્વ હવે વિદારું. ૧૯

અનાદિ કાળથી આત્મા સાથે સંબદ્ધિત થયેલા લોભ શત્રુના પ્રબળ પંજામાં ફસી જઈ, મળતું હોય તેથી અધિક લેવા માટે હું દિશા ઓળંગી ઘણે દૂર ગયો (તૃષ્ણાથી જોઈતી વસ્તુ કરતાં અધિક મેળવવા માટે જે દેશમાં જન્મ્યો તેના ઋણાનુબંધને અંગે જે મળતું હોય તેમાં જીવન ચલાવી તેની સેવા કરવી જોઈએ, તે કર્તવ્ય તજી બીજા જીવોના સુખને લૂંટવા પરદેશ ગયો) અને ત્યાં જઈ બીજાની ભાગીદારી કરી તે વેપારમાં અથવા પોતાના સ્વતંત્ર વ્યાપારમાં સ્વાર્થવશ જે અનેક અનર્થો આદર્યા તે પાપથી આજે નિવૃત્ત થાઉં છું.

वत्थूण माणं पसुपाणिणं च
कडं न किच्चा न य पालियं वा ।
जावस्सयं ता अहियं गहीयं
वयस्स दोसे पजहामि अज्ज ॥ २० ॥

न वस्तुमानं न पशुप्रमाणम्
कृतं च कृत्वा न च पालितं वा ।
आवश्यकं तद्धयधिकं गृहीतम्
व्रतस्य दोषान् प्रजहामि चाऽद्य ॥ २० ॥

ખાવા પીવામાં ન મળે સીમા કૈં
કિંવા ગ્રહી ટેક કદી ન પાળું;
જરૂરિયાતો અધિકી વધારી
તે દોષને આજ થકી નિવારું. ૨૦

વસ્તુઓનું (તેના બે પ્રકાર છે : (૧) ભોગ્ય એટલે વારંવાર ભોગવવાની ખાનપાન વગેરે તથા ઉપભોગ્ય વસ્ત્રાદિ) તથા પશુઓ, ગાય, બળદ, ઘોડા, હાથી

ઇત્યાદિ અથવા બીજાં પ્રાણીઓનું કંઈ પ્રમાણ કરવું જોઈએ કે જેટલી આવશ્યકતા હોય તેટલું જ વપરાય, અધિક નહિ; કારણ કે જગતની વસ્તુઓનો ભોગવટો જંતુમાત્રને અર્થે છે નહિ કે એક મારા જ માટે. તેથી મારે બહુ ઓછા પ્રમાણમાં ઉપર્યુક્ત વસ્તુને વાપરવી ઘટે તે જાતની પ્રતિજ્ઞા ન કરી હોય, કદાચ પ્રતિજ્ઞા લીધી હોય છતાં તેનું પાલન ન કર્યું હોય, જેટલી આવશ્યક વસ્તુઓ હેય તેનાથી અધિક વાપરી હોય તે બધા (કર્માદાનાદિ) દોષો જે આ સાતમા વ્રતમાં લાગ્યા છે તેને આજે દૂર કરું છું.

अणिट्ठजोगे पियविप्पजोगे
रोगेसु चिन्तासु समुट्ठियासु ।
जमट्टरोहं तमणट्ठदंडं
अज्झप्पभावाउ हणेमि अज्ज ॥ २१ ॥

अनिष्टयोगे प्रियविप्रयोगे
रोगेषु चिन्तासु समुत्थितासु ।
यदार्तरौद्रं तदनर्थदण्डम् ।
अध्यात्मभावाद् दुरितं निहन्मि ॥ २१ ॥

અનિષ્ટ યોગે પ્રિયના વિયોગે
ચિંતા વિષે રોગ વિષે તથા જે;
પીડા અને શોક અનર્થ થાય
તેને હણું આત્મબળોથી આજે. ૨૧

પ્રિય વસ્તુના વિયોગમાં અથવા અનિષ્ટ (અપ્રિય) વસ્તુના યોગમાં અથવા તો રોગ કે આવી પડેલી આફતો ઇત્યાદિ ચિંતાઓમાં જે (મારાપણાની લાગણીથી)આર્તધ્યાન તથા રૌદ્રધ્યાનને લગતા વિચારો પ્રગટ થાય છે (ઉદ્ભવે છે) તે અનર્થ દંડ કહેવાય છે, તેને હું અધ્યાત્મભાવથી આજે હણી નાખું છું (દૂર કરું છું).

सामायियं पोसगपोसहं वा
नाणुट्ठियं वाऽज्ज विशुद्धभावा ।
कडम्मि वा तंसि कयम्मि जाअं
तं दुक्कडं नस्सउ चिंतणेण ॥ २२ ॥

सामायिकं पोषकपोषधं वा
नानुष्ठितं वाऽद्य विशुद्धभावात् ।
कृते च तस्मिन् व्रतके च जातम्
तद्दुष्कृतं नश्यतु चिन्तनेन ॥ २२ ॥

વિશુદ્ધ સામાયિક પોષધાદિ
અધ્યાત્મ ભાવે ન કર્યાં કદાપિ;
કીધાં વ્રતો આશ અનેરી રાખી
તે પાપને આજ હણું વિચારી. ૨૨

શ્રાવક તરીકેનું મારું કર્તવ્ય છે કે થોડા સમય (એક મુહૂર્ત સુધી ઓછામાં ઓછું) સમભાવમાં રહેવું જોઈએ. એટલે કે સામાયિક વ્રત આદરવું જોઈએ. તેથી આગળ વધીને દશમું વ્રત એટલે દિશાની મર્યાદા કરીને અમુક કાળ સુધી સાવદ્ય પ્રવૃત્તિનો રોધ કરવો જોઈએ. અથવા પૌષધ (આત્માના મલિન દોષનાશક સાધુવૃત્તિ ઓછામાં ઓછી પ્રહર સુધી આચરવી) વ્રત આચરવું જોઈએ. છતાં તે ત્રણ પૈકી કોઈ વ્રત આજે ન કર્યું હોય (વિશુદ્ધભાવે ન આદર્યું હોય) અથવા કરવા છતાં તેમાં પાપસેવન કર્યું હોય તો તે મારું દુષ્કૃત વિચારરૂપી અગ્નિથી નાશ પામો.

विज्जाबलं वित्तबलं च सत्ती
पत्ताणि अस्सिं किल साहणाणि ।
तहावि दत्तं न सुपत्तदाणम्
जीवाण सेवा वि तमेव दुक्खं ॥ २३ ॥

विद्याबलं वित्तबलं च शक्ति
प्राप्तानि चाऽस्मिन् किल साधनानि ।
तथाऽपि दत्तं न सुपात्रदानम्
न प्राणिसेवाऽपि तदेव दुःखम् ॥ २३ ॥

જે દ્રવ્ય વિદ્યા અધિકારશક્તિ
પામ્યો પ્રજાની ભીડ ભાંગવાને;
તે સાધનોથી ન થયાં સુકર્મ
તે દુઃખ મારા મનમાં ન માય. ૨૩

આવા ઉત્તમ સમયમાં વિદ્યાનું બળ, ધનાદિનું બળ, શારીરિક શક્તિ, મનુષ્યજીવન તથા આર્યક્ષેત્રાદિ અનેક સામગ્રી મળી કે જે દ્વારા અનેક જીવોની

આપત્તિ દૂર કરવામાં નિમિત્ત થવાય, છતાં જીવોની ન સેવા કરી કે ન સુપાત્રમાં દાન દેવાયું. તે જ ખરેખર જટિલ દુઃખનો વિષય છે.

## कायोत्सर्ग

कडा उवाया सुहसंतिमट्ठं
तहा वि दुक्खं समुवट्ठियं मे ।
तस्सेस हेऊ खलु चिंतिओऽज्ज
जत्थत्थि दुक्खं सुहमेव मन्ने ॥ २४ ॥

कृता उपाया सुखशोधनार्थम्
तथाऽपि दुःखं हि समुत्थितं मे ।
तस्यैष हेतुः खलु चिन्तितोऽद्य
यत्राऽस्ति दुखं सुखमेव मन्ये ॥ २४ ॥

કર્યા ઉપાયો સુખ શાન્તિ સારુ
તથાપિ દુઃખો જગમાં જણાયાં;
તે દુઃખનું મેં મૂળ આજ શોધ્યું
જ્યાં દુઃખ ત્યાં હું સુખને જ માનું. ૨૪

(પ્રતિદિન) સુખ અને શાન્તિ મેળવવા માટે મેં ઘણા ઘણા ઉપાયો આદર્યા, પ્રવૃત્તિઓ કરી, તો પણ મારું દુઃખ તો તેમ ને તેમ જ ઊભું છે (તેનો નાશ થયો નહિ). તેનું કારણ શું હશે ? તે વિચારતાં, ચિંતવતાં આજે ખરેખર જાણાયું કે જ્યાં (સાંસારિક વસ્તુઓમાં) દુઃખની પ્રાપ્તિ છે ત્યાં જ હું સુખ માનું છું (અને ઝાંઝવાના જળની માફક તેને મેળવવા અહીંતહીં ભટકું છું, એ કેટલી મૂર્ખતા !).

अप्पा मे अत्थि अजरोऽमरो वा
विन्नाणरूवो सुहसायरो ता ।
हिच्चा सयं सच्चसुहं कहं मे
पेमं सिया दुक्खफलंसि देहे ॥ २५ ॥

आत्मा स मे वाऽस्त्यजरोऽमरो वा
विज्ञानरूपः सुखसागरस्तत् ।
हित्वास्वकं सत्यसुखं कथं मे
किं प्रेम स्यादुःखफले हि देहे ॥ २५ ॥

આત્મા જરા મૃત્યુ થકી વિભિન્ન
વિજ્ઞાન રૂપે સુખસિંધુલીન;
સાચું અરે આ સુખ છોડી મારું
દેહે ભમે શું મન તે નઠારું. ૨૫

ખરેખર મારો આત્મા એ જ અજર અને અમર છે (અર્થાત્ જરા અને મરણ રહિત છે), વિજ્ઞાનમય છે, સુખનો સમુદ્ર છે. સાચું સુખ માત્ર ત્યાં જ છે. માટે તેનાથી પ્રાપ્ત થતું સાચું અને સ્વતંત્ર સુખ મૂકીને મારો સ્નેહ-મારું મમત્વ એકાંત દુઃખના જ ભાજન જેવા નશ્વર દેહ પર કેમ થાય છે ? (થવો ન જ જોઈએ)

आभूसणेहि जमलंकिअं वा
पुप्फाइ दव्वेहि पुरक्किअं वा ।
दुव्वासपुण्णं खलु होइ णिच्चं
रोगाण गेहं किमु तत्थमोहो ॥ २६ ॥

आभूषणै र्वायदलङ्कृतं वा
पुष्पादिदव्यैश्च पुरस्कृतं वा ।
दुर्वासपूर्णम् सततं सदा तत्
रोगस्यगेहं किमु तत्र मोहः ॥ २६ ॥

છોને સજો ભૂષણ વસ્ત્ર ખાસ
સિંચો ભલે પુષ્પતણી સુવાસ;
દુર્વાસપૂર્ણ પ્રતિરોજ થાય
ત્યાં મોહ શા રોગ ગૃહ ગણાય. ૨૬

કારણ કે જે શરીર આભરણોથી, વસ્ત્રો કિંવા અલંકારોથી અલંકૃત કર્યું હોય - શણગાર્યું હોય કિંવા સુવાસિક પુષ્પાદિ દ્રવ્યથી વાસિત-સુગંધમય બનાવ્યું હોય તોપણ તે નિત્ય દુર્વાસિત બની જાય છે અને સાથેના પદાર્થને પણ દુર્ગંધમય. બનાવે છે.) ક્ષણે ક્ષણે અનેક પરમાણુના ચયાપચયથી અને આંતરિક વિક્રિયાથી બગડે છે.) વળી અનેક પ્રકારના રોગોનું તો તે ભાજન છે. તો તેવા દેહમાં મોહ કેમ થાય છે ? (ન જ થવો જોઈએ.)

असंख्यं जीवियमेवमायुम्
पडिक्खणं छिज्जइ जोवणं च ।
चिच्चा सुहं वज्झमज्झप्पमग्गम्
वयामि नो सो मम मूढभावो ॥ २७ ॥

असंस्कृतं जीवितमेवमायुः
प्रतिक्षणं नश्यति यौवनं च ।
त्यकत्वा सुखं बाह्यमहो स्वमार्गं
व्रजामि नो तन्मम मौर्ख्यमेतत् ॥ २७ ॥

પળે પળે આયુષ્ય અલ્પ થાય
સંધાય ના જીવન ચાલ્યું જાય;
મૂકી છતાં બાહ્ય સુખ સ્વમાર્ગે
વળે ન આત્મા મમ મૂઢ કેવો ? ૨૭

વળી આ જીવન ખરેખર અસંસ્કૃત છે. અર્થાત્ તેને સાંધી શકાતું નથી. આયુષ્ય પ્રતિક્ષણ ઘસાતું જાય છે, છેદાય છે. (યૌવનના રંગની તો વાત જ શી !) યૌવનની પણ તે જ દશા છે. થોડા વખત પહેલાં જેના વદન પર લાલી ચમકતી હતી ત્યાં આજે કરચલી પડી ગઈ છે. આવી જ રીતે બધી વસ્તુઓમાં છે. છતાં આ બાહ્ય સુખને તજીને અધ્યાત્મમાર્ગમાં હું રસ લેતો નથી. આંતરિક શાન્તિ ઇચ્છતો નથી. પોતાનામાં રમણ કરતો નથી તે ખરેખર મારો મૂઢ ભાવ જ છે. નહીં તો બીજું શું ?

भज्जा य माया व पिया सुया वा
मित्ताणि ताणं न ददंति जीवे ।
देहस्स रोगेसु य पत्तकाले
पुण्णं सुधम्मो सरणं च होइ ॥ २८ ॥

भार्या च माता च पिता सुता वा
त्राणं न मित्राणि ददंति जीवान् ।
देहस्य रोगेषु समासकाले
पुण्यं च धर्मं शरणं ददाति ॥ २८ ॥

માતા પિતા મિત્ર સુપુત્ર પત્ની
ન એ બધાં મૃત્યુ થકી નિવારે;
વિપત્તિ ને મૃત્યુ તણા જ કાળે
સદ્ ધર્મ પુણ્ય શરણં જ આપે. ૨૮

સ્ત્રી, પુત્ર, પિતા, માતા અથવા મિત્રો જીવોને શરણભૂત થતાં નથી. જ્યારે દૈહિક ઉપાધિઓ ઉત્પન્ન થાય છે ત્યારે અથવા કાળ પ્રાપ્ત થાય છે ત્યારે કેવળ સદ્ધર્મ અને સત્પુણ્યનો સંચય જ શરણરૂપ થઈ શકે છે (બીજું કોઈ જ નહિ).

हयधनघाइय कम्मे दयासागरे केवलनाणधरे ।
चउतीसातिसयवरे जगइ जीवाण हियोवएसगरे ॥ २९ ॥

हतधनघाति कर्मणः दयासागरान् केवलज्ञानधरान् ।
चतुस्त्रिंशदतिशयिनो जगद् जीवानां हितोपदेशकरान् ॥ २९ ॥

રાગાદિ દોષ ઘનઘાતિક કર્મ મારી
અધ્યાત્મ જ્યોતિ વળી કેવળ જ્ઞાનધારી;
ચોત્રીસ જે અતિશયો ધરીને વિલાસે
ને વિશ્વના જનહિતાર્થ સુબોધ ભાષે. ૨૯

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર કર્મો કે જે ઘનઘાતી કહેવાય છે. જેનાથી આત્માનો અનંત પ્રકાશ રુંધાયો છે તેને હણી નાખવાથી જેનો સંપૂર્ણ પ્રકાશ ખીલ્યો છે તે સર્વજ્ઞ, દયાના સાગર વિશ્વમાં અતિશયે કરી વિરાજિત, (કેવળ પરોપકારિક બુદ્ધિથી) જગતનાં જીવોને હિતમાર્ગ બતાવનાર-

भक्खरपभाविणे जे सोम्मागारे गुणाण भंडारे ।
अरिहंते भगवंते मणेण वाया य कम्मुणा वंदे ॥ ३० ॥

भास्करप्रभाविणोये सौम्याकारान् सद्गुणभण्डारान् ।
अर्हतो भगवतस्ते मनसा वाचा च कर्मणा वन्दे ॥ ३० ॥

જે સૂર્ય કાન્તિ સમદેહ સુદીપ્યમાન
આકાર વર્ણ શુભ ચિહ્ન સુરમ્યસ્થાન;
ભંડાર તે ગુણતણા અરિહંત દેવ
તેની કરું મન અને મુખથી સુસેવ. ૩૦

સૂર્યવત્ પ્રખર પ્રભાવશાળી, અનંત ગુણોના ભંડાર અને સુંદરાકૃતિના ધરનાર એવા અર્હન્ત પ્રભુઓને મન, વચન અને કાયાએ કરી હું નમસ્કાર કરું છું.

मालिनी

जगइ सुभगवण्णे, दुक्खसंसारतीण्णे
अयलसुहसरू वे, सिद्धिठाणं पवन्ने ।
विगयसकलकम्मे सव्वविन्ने अजम्मे
अविगडभगवंते, तेह्रि वन्दे जिणिंदे ॥ ३१ ॥

जगतिसु भगवर्णान्, दुःख संसार तीर्णान्
अचल सुखदरूपान्, सिद्धि पार प्रपन्नान् ।
विगत सकल पापान्, जातज्ञान पूर्णान्
जनिमरणनिवृत्तान् तान् जिनान् संस्तुवेऽहम् ॥ ३१ ॥

માલિની

સકલ સુભગ વર્ણ દુઃખ સંસારતીર્ણ
અચલ સુખસ્વરૂપ સિદ્ધિસ્થાન પ્રપન્ન;
વિગત સકલ કર્મ જ્યાં નથી જન્મધર્મ
જિનપતિ ગુણ ગાઉં તે તે જ સર્વજ્ઞ ના હું. ૩૧

વિશ્વમાં સર્વોપરી સુંદર વર્ણવાન, સ્વાભાવિક આત્મીય જ્યોતિના ધારક, દુઃખમય સંસારને તરી જનાર, શાશ્વત (અચલ) સુખમય, સ્વરૂપને પ્રાપ્ત કરનાર, સકલ (અષ્ટ) કર્મોથી સર્વથા રહિત, સર્વ ભાવને સ્પષ્ટ રીતે હસ્તામલકવત્ જાણનાર અને જન્મમરણના ફેરાથી છૂટી જનાર એ પવિત્ર જિનેંદ્ર ભગવાન સિદ્ધ પ્રભુને હું નમસ્કાર કરું છું.

छत्तीसगुणसहियाण, समयाधम्मेण कम्महन्तूणं
किरियानाणधराणं, अहिच्चसत्थे महुरवायगाणं ॥ ३२ ॥
मणुन्नवयणेरत्ता, जेसिंकित्तिवड्ढयन्ति जीवा
सोम्मरू ववंताणं, आयरियाणं णमोत्थु अम्हाणं ॥ ३३ ॥

पटत्रिंशद्गुणभृदभ्यः, समताधर्मेण कर्महन्तृभ्यः
ज्ञानक्रिया धरेभ्यः शास्त्राण्यधीत्य मधुरवाचकेभ्यः ॥ ३२ ॥
मनोज्ञवचनेरेक्तां, येषां कीर्ति वर्धयन्ति जीवाः
सौम्यस्वरू पवद्भ्यः, आचार्येभ्यो नमोऽस्तुचास्माकम् ॥ ३३ ॥

(વસંતતિલકા)

છત્રીસ સદ્‌ગુણ ધરી સમભાવ યુક્ત
જ્ઞાન ક્રિયાધર સુવાચક શાસ્ત્રપૂર્ણ;
સદ્‌બોધ દાન કરતા જગજંતુઓને
આચાર્ય કીર્તિધરને મુજ વંદના હો. ૩૨, ૩૩

ઉત્તમ પ્રકારના છત્રીસ ગુણોને ધારણ કરનાર, સમભાવદ્વારા પ્રાપ્ત કરેલા ધર્મથી કર્મરૂપ શત્રુને હણનાર, ક્રિયા અને જ્ઞાન બન્નેને ધારણ કરનાર, શાસ્ત્રમાં અભ્યાસ કરીને અમૃતમય પ્રવચન દેનાર, વ્યાખ્યાન અને વાંચન આપનાર અને જેમના મનોજ્ઞ વચનમાં મુગ્ધ થયેલા ભાવિક જીવો સર્વત્ર ગુણાનુવાદ કરે છે એવી અપૂર્વ સંપદાયુક્ત તથા સુંદર રૂપ ધારણ કરનાર શ્રી આચાર્ય ભગવાનને અમારાં નમન હો.

(आर्या)

अहीयएगदसंगे, समं कम्मेहि करेज्ज जे जुद्धं ।
पाखंडिमाणभंगे, सत्थसच्चमएविकुसले जे ॥ ३४ ॥
भवियजीवपाठणेण, संकं हत्ता णयंति णिजममां ।
तवस्सिणे निम्मम्मे, उवज्झायगे ते सया वंदे ॥ ३५ ॥

एकदशांगान्यधीत्य, समं कर्मभिः कुर्वते युद्धं ।
पाषण्डिमानभङ्गो, शास्त्रसत्यमेदेऽपि कुशलान् यान् ॥ ३४ ॥
भविकजीवपाठनेन, शङ्कां हत्वा नयन्ति निजमार्गम् ।
तपस्विनो निर्ममत्वान्, उपाध्यायकान् तान् सदावंदे ॥ ३५ ॥

(વસંતતિલકા)

પાખંડભંગ કરતા અગિયાર અંગો
શીખી સુયુદ્ધ કરતા નિજકર્મ સંગે;
શંકા નિવારી જનને નિજધર્મ સ્થાપે
નિર્મોહી દાન્ત નમું પાઠક સાધુજીને. ૩૪-૩૫

જેઓ અગિયાર અંગોની ભણી તત્ત્વ પામીને કેવળ કર્મ સાથે જ સાચું યુદ્ધ કરે છે (અર્થાત્ વિદ્યાને મેળવી દૃઢ રીતે પ્રકૃતિઓને દબાવીને ખપાવવાની જ પ્રવૃત્તિ કરે છે), પાખંડી શાસકોનો પરાજય કરવામાં, તેમને ઠેકાણે લાવવામાં તેમ જ શાસ્ત્રમાંથી સત્યનું મંથન કરવામાં પણ જે કુશળ છે તથા ભાવિક જીવોને વિદ્યાભ્યાસ કરાવી શંકાસમાધાન કરી કુશંકાદિ દોષોનું નિવારણ કરી નિજમાર્ગમાં (આત્મિક પ્રવૃત્તિમાં) જેઓ સ્થિર કરી શકે છે એવા મમત્વરહિત અને તપસ્વી ઉપાધ્યાયજી મહારાજને હું હંમેશાં નમસ્કાર કરું છું.

(आर्या)

सुमइगुत्तिधणधरगे, संजमभारे किरियाभंडारे
अवज्जविकहामारे, कसायवण्हिजले व संसारे ॥ ३६ ॥

सज्झायझाणरत्ते पावणासगे य धम्मओ खन्ते
मणेण वयसा वन्दे, कायेण तं हयदोसे संते ॥ ३७ ॥

सुमतिगुप्तिधनभाजः संयमभारान् क्रियादिभण्डारान्
अवद्यविकथामारान्, कषायवह्निजलानिव संसारे ॥ ३६ ॥

स्वाध्यायध्यानरक्तान्, पापनाशकान् च धर्मतोक्षान्तान्
मनसा वचसा वन्दे, कायेन च तान् हतदोषान् साधून् ॥ ३७ ॥

જ્યાં નિત્ય પાંચ સમિતિ ત્રણ ગુપ્તિભાવ
ને ત્યાગ, સંયમ, ક્રિયા, ધનનાં નિધાન;
જ્યાં ક્ષાન્તિ કોપ સમવા જલના સમાન
ને ધ્યાન, પાપ વિકથા હણવા કૃપાણ. ૩૬

સ્વાધ્યાય દુરિતૌઘ વિદારનાર
સંસાર પાર કરનાર સુધર્મધાર;
જે છે સુસંત ગુણવંત મહંત તેને
કાયા વચો મન થકી નવું વારંવાર. ૩૭

જે પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિરૂપ સત્યધનના નગદ નાણાંને જ રાખનાર, સંયમ (સત્તર પ્રકારે સંયમ)નો ભાર વહન કરનાર (સંયમ નિર્વહન કરનાર) જ્ઞાન તથા ક્રિયાના ભંડાર, પાપકર્મ અને વિકથાને મારવામાં તો કાળ શસ્રસમાન, સંસારમાં કષાયરૂપી અગ્નિને ઠારવામાં જળસમાન, સ્વાધ્યાય તથા ધ્યાનમાં મસ્ત રહેનાર, ધર્મ દ્વારા પાપના પ્રજાલક, ક્ષાન્તિ ગુણથી યુક્ત તથા દોષોને હણનાર એવા પવિત્ર મુનિરાજોને પણ હું મન, વચન અને કાયાથી નમસ્કાર કરું છું.

(અનુષ્ટુપ)

सया देवं गुरुं घम्मं, चाराहित्ता सुभावओ ।
साहयामि हियं तच्चं, अन्नंनेच्छामि कण्हुह ॥ ३८ ॥
सदा देवं गुरुं धर्मं, चाराध्य हिसुभावतः ।
साधयामि हितं तथ्यं, अन्यन्नेच्छामि कर्हिचित् ॥ ३८ ॥

(અનુષ્ટુપ)

દેવ ગુરુ તથા ધર્મ
આરાધીને સુભાવથી;
કલ્યાણ ધ્યેયને સાધું
બીજી આશા કંઈ નહિ. ૩૮

હંમેશા ઉપર્યુક્ત રીતે હું દેવ, ગુરુ અને ધર્મની આરાધના કરું એ મારી ભાવના છે. દેવ એટલે જિનેશ્વર દેવ (રાગદ્વેષથી રહિત), ગુરુ તે નિર્ગ્રંથ મુનિ (નિર્દોષ સાધુવૃત્તિવાળા) તથા ધર્મ તે (સત્ય ધર્મ) આ ત્રણે તત્વને આરાધી હિતની સાધના કરું છું. બીજું કંઈ પણ કોઈ સ્થળે હું ઈચ્છતો નથી. માત્ર જીવન સુધી તે ત્રણે તત્ત્વનો આરાધક બનું અને મરણ આવે ત્યારે -

(आर्या)

जाव जीवेज्ज मणम्मि अज्झप्पझाणं मे सिया सययं ।
पंडितमरणं मच्चुं, पत्ते मरामि तमेव इच्छामि ॥ ३९ ॥

यावज्जीवेयमहं, चित्तं मे स्यादात्मध्यानरक्तम् ।
म्रिये हि चासे मरणे, पण्डित मरणं तदेव चेच्छामि ॥ ३९ ॥

(शार्दूल)

છેલ્લા શ્વાસ સુધી નિરંતર રહો, આ સંયમી ભાવના,
અધ્યાત્મ સ્થિતિમાં વહો મુજ ઉરે, કલ્યાણની સાધના;
આવે કાળ ભલે વિપદ્ શિર પડે, ના દુઃખ કે વાસના,
થાજો પ્રાપ્ત સુધર્મ અંત સમયે, એકે બીજી આશ ના. ૩૯

છેલ્લો શ્વાસ જીવનનો નીકળે ત્યાં સુધી હું અધ્યાત્મમાર્ગમાં જ લીન રહું.

"અપૂર્વ અવસર એવો ક્યારે આવશે"
"ક્યારે થઈશું બાહ્યાન્તર નિર્ગ્રંથ જો."

આ જ સંયમી ભાવનાની મનમાં ધૂન રહે તેમજ તેવા પ્રકારનું જ ધ્યાન રહેવાથી મૃત્યુ પ્રાપ્ત થાય ત્યારે હું પંડિત મરણ મરું, અને વિપત્તિઓમાં પણ ધર્મિષ્ઠ બની રહું તે જ ઇચ્છા છે. બસ, આ સિવાય મારી કશી ઇચ્છા નથી.

ॐ शान्तिः

# વંદિત્તુ પ્રતિક્રમણ

## (વંદિત્તુસૂત્ર પરથી)

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ,
ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ,
ત્વમેવ સ્વામી શરણાગતાનામ,
ત્વમેવ સંસાર નિવારકોડસિ.

(શાર્દૂલ)

જ્ઞાને આપ ત્રિલોક વ્યાપક છતાં સ્વાધીન સંસારથી,
ને તેથી પ્રભુ આપનાં અવનિથી મંદિર ઊંચે રહ્યાં;
આવું છું જિનદેવ ! તોય શરણે ઊર્મિવિમાને ઊડી,
વંદું છું વીતરાગ ! આપ ચરણે અર્ઘ્યો ધરી અંગનાં. ૧

સર્વે સાધુજનો વહે નદ બની ઓ સિન્ધુ આપ પ્રતિ,
હું બિન્દુ બની એમના વહનમાં ભેળાઉં ભાવે નમી;
રાખીને નિજ દૃષ્ટિને નિજપ્રતિ[૧] ટાળી વિભાવો બધા,
સંભારું મમ સાધુના ત્રુટી હવે હો સૂક્ષ્મ કે સ્થૂળ વા. ૨

(અનુષ્ટુપ)

જ્ઞાન દર્શન, ચારિત્ર્ય, ત્રિપુટી નિજ ભાવની;
સ્વચ્છ એ આરસી મારી, ડાઘા લૂછી[૨] પ્રતિક્રમું. ૩

(વંશસ્થ)

આલોચના આંખથી દોષ દેખીને,
વિવેકથી નિંદન સર્વનું કરી;
ગુણોની પંક્તિ ગ્રહી માત્ર ગૂંથીને,
હૈયું જડું માળ કુબુદ્ધિથી તરી. ૪

---

૧ અંતરાત્મા તરફ. ૨ એ આરસી પ્રતિ - અર્થાત્ સચ્ચિદાનંદ આત્માની મૂળ સ્થિતિ તરફ જઉં છું.

(ઉપજાતિ)

પરિગ્રહોથી પ્રતિબંધ થાય,
બંધાયે [1]આરંભથી કર્મગ્રંથિ;
એ મોહતૃષ્ણા બીજવૃક્ષ કાય,
ફળે કષાયો ભવચક્ર જેથી. ૫

(વંશસ્થ)

[2]મમત્વબુદ્ધિ અથવા મર્મત્વ[3] એ,
છે વસ્તુ માત્રે ઉભયે પરિગ્રહો;
આવેશ ને તાડન રોષ તર્જના,[4]
હિંસાદિ દોષો મન વાણી દેહના. ૬

સાવદ્ય એવી કરણી હશે કરી,
કરવી કિંવા અનુમોદના કરી;
પદાર્થ કે જીવ તણા મમત્વથી,
તે સર્વની શુદ્ધિ કરું સ્વસત્વથી. ૭

શ્રદ્ધા વિના જ્ઞાન સ્વભાવનું નહિ,
ટકે ન ચારિત્ર્યરતિ[5] અજ્ઞાનથી;
ચારિત્ર્ય ને દર્શન જ્ઞાનની ખરી,
છે મોહથી આવરણા મળે ભરી. ૮
શ્રદ્ધા તણા ઘાતક પાંચ દોષ આ,
દુર્બુદ્ધિના વહેમ વિતર્કથી ભર્યાં;
શંકા વિપર્યાસ વિકલ્પ જીવમાં,
જડપ્રશંસા જડવાદ પૂજના. ૯
સમ્યક્ત્વ દૃષ્ટિ સુવિચાર નમ્રતા,
વિવેક જિજ્ઞાસુમતિ ગુણજ્ઞતા;
રોકી વધારે જીવ કેરી મૂઢતા,
આત્માતણી નાસ્તિક આ અશ્રદ્ધા. ૧૦

---

૧ પાપકારી વ્યાપાર (માનસિક દોષોનું કર્મમાં પરિણમન). ૨ કામના. ૩ કામનાને પરિણામે જન્મતો વિકાર. ૪ કષાયાદિને વશ થઈને અન્યને ઠપકો આપવો. ૫ ચારિત્ર્યપ્રેમ.

એ પાંચ દોષોથી નિ:શલ્ય થઈ હવે,
દોષો હું ચારિત્ર તણા તપાસું છું;
ખાતાં પીતાં સ્થિર થતાં જતાં સૂતાં,
કે બોલતાં વાપરતાં જ બેસતાં. ૧૧

જે જે વિરાધ્યાં જીવ જંતુ માનવી,
મારા અનાભોગ[1] તથા નિયોગથી[2];
કષાય ને ઇંદ્રિય વશ્ય મેં રહી,
હણ્યા હશે કૈં અભિયોગ[3] ઘાતથી. ૧૨

છકાયનો પાળક માનવી થઈ,
સ્વાર્થે પરાર્થે અથવા મુધા વળી;
વ્રતો ગુમાવું મમતા અહંત્વથી,
એ મૂર્ખતા કેવી નવાઈથી ભરી ? ૧૩

ગૃહસ્થ સાધકો માટે,
પાંચ બોધ્યાં અણુવ્રતો;
ત્રણ ગુણવ્રતો બીજાં,
ચાર શિક્ષા વ્રતો તથા. ૧૪

બારે વ્રતોથી સુપ્રતિજ્ઞ હું થયો,
તોયે ક્ષતિ થૈ મુજ રાગદ્વેષથી;
તે તે નિવારી ફરી હું ગતિ કરું,
સજ્ઞાન ચારિત્ર્ય નિજાત્મ ભાવથી. ૧૫

### પાંચ અણુવ્રતો

પંચેન્દ્રિયો કે [4]વિકલેન્દ્રિયો તણા,
પ્રણાંતિપાતે અપ્રવૃત્તિ સૂચવે;
ને સ્થાવરો[5] ચેતન યુક્ત વિશ્વનાં,
[6]વિવેક ને ત્યાં ઉપયોગ શીખવે. ૧૬

---

૧ અનાચાર થકી. ૨ જૂજવાં નિમિત્તે કરી વહેમ, લાલચ, પામરતા, રસાસ્વાદ ઇત્યાદિ દ્વારા. ૩ ફોગટ. ૪ બે ઇંદ્રિયથી ચતુરિંદ્રિય પર્યંતનો વર્ગ. ૫ પૃથ્વી, વાયુ, પાણી, અગ્નિ ને વનસ્પતિનો સજીવ કાયપિંડ. ૬ વિવેક એટલે સત્યાસત્યનું પૃથક્કરણ ને ઉપયોગ એટલે સત્ય પ્રતિ ગમન

પે'લા અહો આ અણુવ્રતમાં ભરી,
છે વિશ્વબંધુત્વ તણી વિચારણા;
એ આદર્યું મેં જિનદેવ ભાવથી,
ભૂલ્યો પ્રભુ તોય હું મૂઢ સ્વાર્થથી. ૧૭

હિંસા થઈ તે ફરી હું ચિંતવું,
ને એ અહિંસાવ્રતને સમાચરું;
રાખી હવે સંયમ[૧] પ્રેમ ચિત્તમાં,
કરું ક્રિયા હું સઘળી વિવેકથી. ૧૮

બીજા વ્રતે સત્ય તણું માહાત્મ્ય છે,
જેથી અહિંસા વ્રત શોભતું ખરે;
મૃષા અહિંસા કદીયે મળે નહિ,
સત્યે અહિંસા વહતી સખી બની. ૧૯

ન્યાયાલયે[૨] કુટ વિચાર લેખથી,
કુતૂહલે કે ભય લોભ ક્રોધથી;
રહસ્ય[૩] પીડાકાર વાક્ય જે વદ્યો,
અસત્ય તે વર્તનથી પ્રતિક્રમું[૪] ૨૦

અદત્ત[૫] ત્રીજું ઉપયોગ વસ્તુનો,
છાજે કદી ના ઉપભોગ વસ્તુનો;
બોધી અને જીવન સાદગી ભર્યું,
જીવાડવા માનવને જ પ્રેરતું. ૨૧

[૬]સ્વદેશ ને સંઘ સમષ્ટિરૂપ,
છે વિશ્વનાં અંગ જ કર્મધર્મે;

૧ સંયમલક્ષીપણાથી જ આચરણમાં અહિંસા ઊતરે છે ને ટકે છે માટે. ૨ ન્યાયમંદિરમાં કૂડા-ખોટા વિચાર લેખાદિથી. ૩ મર્મભેદક. ૪ પાછો ફરું છું. ૫ જૈન દૃષ્ટિએ અદત્તનું પરમ રહસ્ય એ છે કે સર્વ વસ્તુઓને વિશ્વની માલિકીની જ જાણવી. હકનું લીધેલું તે જ દત્ત ગણાય. નહિ તો સીમંધરસ્વામી વિશ્વરક્ષક દેવી તત્વસ્વરૂપ-નો ગુનેગાર ગણાય. આ જ અપેક્ષાએ પોતાની સમસ્ત માલિકી જગતચરણે જેમણે ઢોળી છે, એવા સાધુજનોને વિશ્વ પાસેથી ભિક્ષા મેળવવાનો-સંયમ નિર્વાહનાં સાધનો મેળવવાનો-અધિકાર પ્રાપ્ત થાય છે. ૬ સ્વદેશ કર્તવ્ય દ્વારા વિશ્વની ક્રિયાત્મક સેવા થાય ને ધર્મથી વિશ્વપ્રેમ કેળવાય એ રીતે પ્રાણીસેવા અને વિશ્વપ્રેમ બે મહાન આદર્શો છે. એને પ્રાપ્ત કરવામાં માનવજીવનનું સાર્થકપણું છે.

વિદ્રોહ કોઈ મુજથી થયો હો,
તે સર્વને હું મનથી નિવારું. ૨૨

સૌ વ્રત માંહે શિરછત્ર રૂપ છે,
સમુદ્ર શું જ્યાં સરિતા બધી મળે;
છે બ્રહ્મની મૂર્તિ જ બ્રહ્મચર્ય એ,
[1]સ્વભાવ સંજીવન તત્ત્વ એ જ છે. ૨૩

છે વિશ્વની સૌ વનિતા જનેતા,
રગે રગે વત્સલતા ભરેલી;
એ માતૃભાવો દૃગથી પીએ છે,
ગૃહસ્થ કે સાધક બ્રહ્મચારી. ૨૪

[2]સ્વનારી મર્યાદિત બ્રહ્મચારી,
હોયે ભલે તોય જ બ્રહ્મચારી;
પરંતુ જો વૃત્તિ જ કામચારી,
તો બ્રહ્મચારી નહિ બ્રહ્મચારી. ૨૫ અ

સ્વનારી મર્યાદિત બ્રહ્મચારી,
ગૃહસ્થ કે સાધક બ્રહ્મચારી;
જો બ્રહ્મચારી વૃત્તિ કામચારી,
તો બ્રહ્મચારી નહિ બ્રહ્મચારી. ૨૫ બ

---

૧ આત્માને જિવાડનારું અમૃત રસાયણ. ૨ જે સાધક વિવાહિત થઈ ચૂક્યો છે અને સ્વનારી સહિત વર્તમાને છે, એ જ્યાં લગી મનસા, વાચા, કર્મણા સંપૂર્ણ બ્રહ્મચર્યને (એથી) નથી આરાધી શકતો ત્યાં લગી અથવા માનસથી સંપૂર્ણ બ્રહ્મચર્યના લક્ષ્યે મર્યાદિત છૂટ માગે છે ને જૈનદૃષ્ટિ ગૃહસ્થ સાધક માટેની તે છૂટ કબૂલ રાખે છે. પણ એવા બ્રહ્મચારીની વૃત્તિ તો બ્રહ્મચારિણી જ હોવી જોઈએ. સ્વનારી મર્યાદિત છૂટ તો પ્રારબ્ધનિર્ભર છે, પ્રારબ્ધકર્મ તે જ કે જે પાડે નહિ, પણ પતનનું નિમિત્ત આપે. તે નિમિત્તમાંથી ઊગરવાનો અપ્રમત્ત પુરુષાર્થ કરવો એ સાધકનું પરમ કર્તવ્ય છે. જે સાધકનું ચિત્ત બલાત્ થઈ જતી ક્રિયામાં સુખ વેદે છે, તે સાધકની સંસ્કારગ્રંથિ પડી જવાથી ક્રિયાથી તે સાધક છૂટી શકતો નથી. ઊલટો વધુ બંધાય છે. વારંવાર વિભાવ તરફનું વૃત્તિનું વહન એ કારણે થાય છે. આવી અશુદ્ધિ તે પ્રારબ્ધજન્ય નહિ, પણ ક્રિયમાણની જાણવી. ક્રિયમાણની અશુદ્ધિ ભોગવી લેવાથી શુદ્ધિ થતી નથી. આવી સ્થિતિવાળા સાધક માટે તે તે વસ્તુના ભોગને બદલે ત્યાગ એ જ કામના નિવારવાનો રાજમાર્ગ થઈ પડે છે.

---

ને પાંચમું બાહ્ય પરિગ્રહોની,
આસક્તિથી સજ્જનને નિવારે;
જે વાસના[1] સિંચતી લાલસા તે,
તૃષ્ણા તથા લોભ વળી શમાવે. ૨૬

પાંચે વ્રતોમાં ત્રુટીઓ થઈ જે,
વ્યાપાર વૃત્તિ અથવા રૂઢિથી;
વાણી તથા કર્મ મને કરીને,
તે ચિત્તથી દૂર કરું હવે હું. ૨૭

(માલિની)

ત્રણ ગુણવ્રતો

ત્રણ ગુણવ્રત એ તો પાંચને પોષવામાં,
જનનિરૂપ સ્વરૂપે સિંચતાં પ્રેમપાણી;
સુખદ તરુ થઈ એ ચાર શિક્ષા વ્રતોથી,
મધુર રસ ફળે ને આપતું આત્મવૃક્ષ. ૨૮

(શિખરિણી)

દિશાની મર્યાદા સ્વધાર હિત અર્થે જિનમતે[2],
પદાર્થો માટેની પણ કહી તથા રૂપ જ વળી;
છતાં પૂર્વાધ્યાસે મતિ કૃતિ થકી જે ક્ષતિ થઈ,
ક્રમે પેલે બીજે ગુણવ્રત વિષે હું પ્રતિક્રમું. ૨૯

અભક્ષ્ય ને કામ વધારનારાં,
રસાળ જે ભોજન પાન કર્મ;
કુદૃશ્ય[3] કંદર્પકથા[4] કુચિત્ર,
કુસ્પર્શ[5] દોષો સઘળા વમું છું. ૩૦

---

૧ કામનાની બે બાજુ ૨ દિશાની રક્ષામાં જૈનદષ્ટિએ ગૌણ હેતુઓ તો ઘણા છે, પરંતુ પરમ હેતુ તો એ જ છે કે, માનવી જ્યાં જન્મ્યો હોય ત્યાં જ વિકાસોપયોગી સાધનો હકપૂર્વક મેળવવાં રહ્યાં ! અન્ય સ્થળે જતાં બીજા જીવો માનવીબંધુઆદિના હકને ઝૂંટવી લેવાનો કે ભાગ પડાવવાનો દોષ રહ્યો છે અને જૈનદષ્ટિનો જે વિશ્વબન્ધુત્વનો મહાન આદર્શ છે એમાં અસામંજસ્ય વ્યાપે છે. ૩ દષ્ટિને લગતા સઘળા જ કામદોષો. ૪ કામવર્ધક કથા સાંભળવી કિંવા વદવી. ૫ કામવર્ધક પદાર્થ ધારણ, મર્દન, વિલેપનાદિ તથા એવા પ્રકારની ટાપટીપ કે વીર્યપાતજનક શારીરિક દોષો

દુર્ધ્યાન[1] કે શોક અનિષ્ટયોગે,
ઈર્ષ્યા ઘૃણા, મત્સર, દંભ, દ્વંદ્વ;
ને માન વ્યામોહ જ ઈષ્ટયોગે,
તજું થયેલા સઘળા અનર્થો. ૩૧

### ચાર શિક્ષાવ્રતો

સમત્વ સામાયિક અંગ યોગ,
પ્રસન્ન ચિત્તે ફળતો પ્રયોગ;
વિશુદ્ધ એકાન્ત નિવૃત્ત સ્થાને,
દઢાસને આત્મીય ચિન્તનાથી. ૩૨

દેશાવકાશિક[2] વ્રતે વધીને,
સર્વે વ્રતો પોષધમાં રહેલાં;
ક્રમે ક્રમે આત્મ નિમજ્જનામાં,
સંસારના બંધ શિથિલ થાતા. ૩૩

ત્રણે વ્રતોનો રિપુ છે પ્રમાદ,
નિંદા સમાં નિર્દયબાણ ફેંકે;
તે બાણથી ચિત્ત ઘવાય ત્યારે,
સંસારના બંધ નિબિડ[3] થાયે. ૩૪

નિવૃત્તિમાં ચિત્ત વિકલ્પવાળું,
વધુ વધારે ભય રાગ દ્વેષ;
તેથી પ્રભુ ઓ ! તુજ ભક્તિ એક,
સંકલ્પ સાચું શરણું જ ધારું. ૩૫

સાધુજનોમાં તુજ ભાવ રોપી,
પૂજું સદા શિષ્ય શિશુ[4] બનીને;
સેવા અને ભક્તિ સમર્પણાથી[5]
સત્સંગ રંગે મુજ અંગ રંગું. ૩૬

---

૧ આર્ત રૌદ્રધ્યાન. ૨ દેશાવકાશિક વ્રતની દિશામર્યાદામાં આંતરભાવની દૃષ્ટિ પ્રધાન છે. ૩ ગાઢ, તીવ્ર, જટિલ ૪ બાળક. ૫ તન, મન ને સાધનોપયોગી પદાર્થની અર્પણા ભક્તિથી.

સૌ સજ્જનોના ગુણ લૈ પ્રમોદું,
અસાધુભાવેય રહું તટસ્થ;
વિરોધ વૃત્તિ કૃતિ કે વિચારે,[૧]
સર્વત્ર મૈત્રી અનુકંપભાવે. ૩૭
મૃત્યુ તથા જીવનમાં સમત્વ,
નિન્દા પ્રશંસા અપમાન માને;
પ્રલોભનો સંકટમાં ચહેલું[૨]
એ સ્વત્વને આજ ફરી સ્મરું છું. ૩૮
કાયાથી કાયાના દોષો, વાચાથી વાક્યના વળી;
મનથી મનના ટાળું, વ્રતના અતિચાર એ. ૩૯
સમિતિ પાંચ ને ગુપ્તિ, ત્રણ એ આઠને ઉરે;
માતૃરૂપે[૩] ફરી ધારી, સમ્યગ દૃષ્ટિ સમાચરું. ૪૦

(ભાવના)

લોકે રહ્યાં આસ્રવ સ્થાન જે જે★
સમ્યક્ત્વીમાં સંવર રૂપ ધારે;
પ્રજ્ઞપ્ત[૪] એ કેવલિધર્મ સત્ત્વ[૫],
આરાધવા વીર્ય વહું પવિત્ર. ૪૧
સૌ ઓઘસંજ્ઞા[૬] અળગી કરીને,
ને લોકસંજ્ઞા[૭] સઘળી તરીને;
પ્રમાદ હીણા ઉપયોગ યોગે,
શમાવું પે'લા ચિત્તવૃત્તિ વેગ. ૪૨

---

૧ વિરોધી વિચાર, વિરોધી ભાવના અને વિરોધ કર્મથી. ૨ વ્રત પ્રતિજ્ઞા કાળે ફળસ્વરૂપે જે ઇચ્છેલું, તે ભુલાઈ ગયેલી વાતને ફરી તાજી કરું છું. ૩ માતા તરફ બાળક; જે પ્રત્યુપકાર ભાવે દેખે છે તથા રૂપે. ૪ દર્શાવેલ-નિરૂપેલ. ૫ સર્વજ્ઞના ધર્મનો સાર-અજોડ તત્વ. ૬ અવિચારી અંધઅનુકરણ. ૭ એકાંતિક કામના, લૌકિક કામના.

★ તે ભૂમિકા પત્યા પછી જીવને ક્રિયા કરવા છતાં પાપકર્મ લાગતાં નથી. એનું રહસ્ય એ છે કે એવા જીવો-એ ભૂમિકાસ્થ જીવાત્માઓ-પાપકર્મની ક્રિયા કરતા જ નથી, કારણ કે પાપકર્મનું નિગૂઢ તથા નિબિડ મૂઢસ્વાર્થ છે તે પરમાર્થદશા પામ્યા પછી સ્વયં વિરમી જાય છે. એટલે જ તેઓ જે ક્રિયા કરે છે, એ ક્રિયામાં સ્વ અને પર ઉભયનું એકાંત હિત સમાયેલું જ હોય છે. જે સાચો શ્રેયનો માર્ગ છે, એમાં વ્યક્તિ અને વિશ્વ ઉભયનું કલ્યાણ સાર્થક છે.

થતાં પ્રભુજી ! ક્રિયમાણ શુદ્ધ,
ને શીઘ્ર પ્રારબ્ધપડો વિંખાશે;
વંટોળમાં જો મુજ નાવ ડોલે,
તો આપજો આપ જ એક ટેકો. ૪૩

નિર્ગ્રંથતા આંતર બાહ્ય સાધી,
નિર્લેપ થઈ બંધન સર્વ ટાળી;
પામી પ્રભુ ! કેવળ જ્ઞાન પૂર્ણ,
ધ્યેયાકૃતિ[1] રૂપ બનું અનંત. ૪૪

અચલ અક્ષર[2] ધામ નિરામય[3અ]
શિવ[બ] સનાતન[4] સ્થાન સુનિર્ભય;
અપુનરા[5] વૃત્તિ યુક્ત દશા જ એ;
પરમ મુક્તિ સુબોધી[6] બીજે ફળે. ૪૫

## બોધી બીજ્યા-૦-ચા

(મંદાક્રાન્તા)

પાપો મારાં, તમ ચરણમાં, મેં કર્યાં છેક ખુલ્લાં,
આપી બોધી, બીજ પ્રભુ[7] હવે, આપ ટાળો[8] ઉપાધિ;
જ્યાં જ્યાં હોવા, તમ ગુણનિધિ, અંશ વહેતો જ વિશ્વે,
યાચું સૌને, મમ હૃદયમાં, આપનો વાસ હોજો. ૪૬

(શિખરિણી)

સદા અંગો મારાં, સકળ વહજો આપ ચરણે,
અને કર્મો મારાં, સકળ વહજો, સર્વ હિતમાં;
પ્રીતિ ક્ષાન્તિ[9] શાન્તિ, સરળ શુચિને[10] સત્યમય આ,
ટકે દૈવી ભાવો, સતત ભવ પર્યંત[11] મુજમાં. ૪૭

---

૧ ધ્યેયાકાર. ૨ અવિનશ્વર. ૩અ આરોગ્યપૂર્ણ. ૩બ કલ્યાણકર. ૫ અનાદિ. ૬ જ્યાંથી પુનઃ સંસારભ્રમણ નથી એવી સ્વભાવસ્થિત દશા વર્તે છે. ૭ ક્ષાયિક સમક્તિ. ૮ ઉપાધિ ટાળો અર્થાત્ સમાધિ આપો. પરમાત્મા પાસે યાચવું અને પોતાના સ્વભાવ તરફ વળવું એ બન્ને એક જ છે. ને એ ઉચ્ચ દશાનું બીજ ક્ષાયિક-સમક્તિ (જૈનદષ્ટિ) છે. ૯ ક્ષમા. ૧૦ પવિત્ર. ૧૧ કાયમ-યાવત જન્મમરણરૂપ સંસાર હો ત્યાં લગી, નિરંતર.

**ક્ષમાપના**

હવે સૌ પ્રાણીઓને હું,
ખમાવું સર્વથા ખમું;
સુધા અદ્વૈતની પીવા,
વૈર ઝેર બધાં વમું. ૪૮

**દ્રવ્ય પ્રતિક્રમણ તથા ભાવ પ્રતિક્રમણ★**

(તોટક)

અપકૃત્ય તણા પથથી વળવું,
વળી સત્ય તણા પથમાં પડવું;
થયું દ્રવ્ય વિશુદ્ધ પડિક્કમણું,
વળી ભાવ થકી પણ પૂર્ણ થજો. ૧

અર્હંત છો મંગલ રૂપ આપ,
સિદ્ધો તથા સાધક સાધુધર્મ;
સત્શાસ્ત્ર સૌ મંગલ મંગલોમાં,
સત્યે ભર્યું જીવન માંગલિક. ૨

# પતિત પાવન

**(અનુષ્ટુપ)**

આદ્યશક્તિ પરમશક્તિ, બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર,
રામ કૃષ્ણ કહે કોઈ, બુદ્ધ, અર્હન્ત ઈશ્વર. ૧

વીર, શાક્ય, ઈસુ ખ્રિસ્ત ને મહમ્મદ, નાનક,
શંકર, સહજાનંદ નામ લૈ કૈંક પૂજતા. ૨

ઢાળું શિર, પડું પાય તુંને વંદું લળી લળી,
હૈયું, મન, મતિ, પ્રાણ, સમર્પું શુદ્ધ ભાવથી. ૩

---

★ અસત્ય તરફ ખેંચાણ છે ત્યાં પ્રતિક્રમણ છે અર્થાત્ પાછા ફરવાપણું છે, પણ સત્યમયતા છે, ત્યાં જ અપ્રતિક્રમણ છે. એ અપ્રતિક્રમણીય સહજ દશા પામવા માટે જ પ્રતિક્રમણ છે. સર્વથા ભાવ પ્રતિક્રમણ બોધી બીજ પછી સુલભ છે, કારણ કે ત્યાં તે દશામાં સંવર સહજ છે. પણ એ દશા ન હોય ત્યાં લગી દ્રવ્ય પ્રતિક્રમણ ગણાય !

## ગુણાભિવ્યંજક પ્રાર્થના

(વસંતતિલકા)

ઓ દિવ્યપુંજ ! તુજ તેજ હીણો બનું જ્યાં,
ત્યાં તો તિમિરપડદા મુજ આંખ આડા;
આવી અનર્થપથમાં પડતાં હસાવે,
મીઠાં પ્રલોભન મુને દઈને ફસાવે. ૪
હું મંદ !! મૂર્ખ !! નવ લેશ વિવેક જાણું,
શું ગ્રાહ્ય હોય મુજને ન વિચાર આણું;
અંધો લઈ અવર અંધતણા સહારા,
ખત્તા જ ખાય કહું તે જ હવાલ મારા. ૫

## કારુણ્યસૂચક-પ્રાર્થના

(મંદાક્રાન્તા)

કે'તા કંપે કરમ કથની કાળજું કાળજૂનું,
પાપી પેલું કરુણ બનતું ચિતડું સાવ સૂનું;
આજે મારું રુદન ભરતું આળું હૈયું રડે છે,
આંસુભીનું નયન ઝરણું અંગને ભીંજવે છે. ૬
શ્વાસે રૂંધ્યાં વચન સઘળાં શું વંદું એ ન સૂઝે,
બોલ્યાં પે'લાં દરદી દિલના ઘાવ લાગ્યા ન રૂઝે,
કાલું ઘેલું શિશુ કવન શું માડી હૈયું ન જાણે,
ગાંડા બાંડા રુદિત સુતની પીડ શું ના પિછાણે ? ૭
જ્યારે વિશ્વે પ્રલય સમયે દાહ સૌને દહે છે,
ત્યારે માતા હૃદય મધુરું પ્રેમથી નીતરે છે;
જે પાપીનું અવનીતલમાં કો ન સાથી રહે છે,
એનું અંકે શિરધરી કરી ચૂંબવા એ મથે છે. ૮
આ દુઃખીની સભર જગમાં માવડી એક મારી,
હું પાપીના પતિત તનને તુંજ પંપાળનારી;
થાકી આજે શરણ લઉં છું એકલું એક તારું;
ખોબે ખોબે પુનિત જળ લૈ પાપ ગંદાં નિવારું. ૯

## દોષોની આલોચના
(ઉપજાતિ)

વિત્તોષણામાં દુનિયા દીવાની,
ચોમેર જ્વાળા ધન લાલસાની;
ધખે પ્રપંચોથી ભરેલ ભઠ્ઠી,
સૌ હોમતાં ત્યાં મમતાની લઠ્ઠી. ૧૦

ચાંદો રવિ સાગર અભ્રસ્થાનો,
નિઃસર્ગ કેરાં અમૂલાં નિધાનો;
વનસ્પતિ વારિ પ્રભા હવાનો,
સ્થળે સ્થળે સુંદર છે ખજાનો. ૧૧

શી ઓઘ સંજ્ઞા જગજાળ છાઈ,
સર્વત્ર સત્તા ધનની લડાઈ;
આ શેઠ આ નોકર રાંક-રાઈ,
લડી મરે છે બની ભાઈ ભાઈ. ૧૨

હું મૂઢ !!! તે પાશ મહીં ફસાયો,
અસંગ્રહી સંયમને ભુલાયો;
અસત્ય આરંભ પરિગ્રહાદિ,
ચોરી, મૃષાવાક્ય છળી છિનાળી. ૧૩

(એ) સૌ દુર્ગુણોનો દિલદાહ લાગ્યો;
સૌ સદ્‌ગુણોનો શુભ ભાવ ભાગ્યો,
મળ્યાં અડોશાં મન બુદ્ધિ વાણી,
એ સાધનોની કરી ધૂળધાણી. ૧૪

કંદર્પ કેરે ચડીને સપાટે,
પંખી વિના પાંખ સમાન આભે;
ઊડી ગુમાવી નિજવીર્યશક્તિ;
સ્ફૂર્તિ ધુતિ કાન્તિ, શરીરશક્તિ. ૧૫

સ્વસ્ત્રીપ્રતિજ્ઞા પ્રતિભા ન જાણી,
દામ્પત્ય પીયૂષ પળો ન માણી;

વિકારની વિષમલિનતાની,
પીધી પિયાલી પલટી જુવાની. ૧૬

## વંશસ્થ-કુદરતી સંકેત

માતા સમી સર્વ સુનારી જાતિનાં,
નિર્માણ કીધાં ઉરનાં અજોડલાં;
પુરુષ સદ્‌બુદ્ધિ તણા સુસંગમાં,
બન્ને બને બ્રાહ્મરસે અબોલડાં. ૧૭

(ઉપજાતિ)

એ બ્રહ્મ આદર્શ ભૂલી ભ્રમી હું,
દેહે દીવાનો રસ-મોજ લેવા;
મા જાતિનાં માંસલ ચર્મ ચૂંથ્યાં,
તોયે ન પામ્યો રસ એક બિંદુ. ૧૮
સ્વસ્ત્રી તણો દ્રોહ કરી બીજી મેં,
અનેક દારા જનને ઠગીને;
બા ? બેન ? બોલી કહી કો' ફસાવી,
કામી અરે ! લેશ ન લાજ આવી ! ૧૯
અભક્ષ્ય આ ભક્ષ્ય ગણ્યું ન જ્ઞાન,
અપથ્ય કે પથ્ય ન શુદ્ધ સાન;
ભાંગી પ્રતિજ્ઞા લઈ પ્રાણપ્યારી,
કીધી બૂરી આ રસનાની યારી. ૨૦
અર્થાર્જના કાજ કર્યા પ્રપંચ,
અધર્મની ભીતિ ન રાખી રંચ;
જુગારખોરી શઠતા કુસંગ,
જ્યારે ન પામ્યો ધનના પ્રસંગ. ૨૧
મિત્રો તણી સ્નેહ સુધા સુકાવી,
ઋણી બની મૂડી બધી ગુમાવી;
રોતાં કરાવી સ્વજનો સુસાથી,
વિડંબના ગાંઠ કુટુંબ બાંધી. ૨૨

સમાજ ને દેશ તણાં ઋણોથી,
ભરેલ આ દેહની પૂર્ણ પોથી;
ભણી ભુલાઈ શ્રમજીવિતાની,
રે ! મૂઢસ્વાર્થે ગઈ જિંદગાની. ૨૩

અધર્મને ધર્મ બનાવી બેઠો,
અસત્યને સત્ય મનાવી બેઠો;
હરામહાડે શ્રમ તુચ્છ માની,
વિકલ્પ દોટો કરી ઝાંઝવાની. ૨૪

આ નીચ આ ઉચ્ચ સવર્ણ-ધર્મે,
અસ્પૃશ્ય આ સ્પૃશ્ય નિષેધ કર્મે;
કરી વિવાદો ઝગડા મચાવી;
મનુષ્યની માનવતા ભુલાવી. ૨૫

નિસર્ગથી સૌ સરખાં સૃજેલાં,
સૌ જ્ઞાનનાં રશ્મિ થકી ભરેલાં;
છે ભિન્નતા કેવળ વૃત્તિ કેરી,
સર્વત્ર જ્યોતિ પ્રસરે અનેરી ! ૨૬

આ વિશ્વનો લાભ કંઈ ન લીધો,
હા ! ઇંદ્રિયોનો વ્યભિચાર કીધો;
બુદ્ધિ અને દૃષ્ટિ સદાય કૂડી,
ભેળી કરી મેં ત્રુટીઓની મૂડી. ૨૭

શાસ્ત્રો ભણ્યો સજ્જન સંગસેવ્યા,
ન તોય વૃત્તિ જરીયે સુધારી;
શ્રદ્ધા તણા દિવ્ય ન દ્વાર દીઠાં,
વિકલ્પની જાળ વધુ વધારી. ૨૮

લોકૈષણા ને લલનાની કેડી,
ખેંચી જતી વૃત્તિ હજી હરેડી;
લોખંડ કેરો કટકો જ જાણે !
ચડેલ એ ચુંબકની સરાણે !!! ૨૯

વૈરાગ્ય રંગે ચડી ચિત્ત રંગું,
શ્રદ્ધા તણો વાસ વળી વસાવું;
ત્યાં શીઘ્ર એ વાદળ વાયુભિન્ન,
વૃત્તિ કરે તેમજ ચિત્ત ખિન્ન. ૩૦

લાગે ન ત્યારે દિલ કામકાજે,
સત્સંગ તો શાપ સમાન ભાસે;
સ્નેહી સગું આગસમું અકારું,
બને બધુંયે જગ ખારું ખારું. ૩૧

વીતે ક્ષણો એ અવળી બધી જ્યાં,
અનર્થ ત્યાં એક અધિક આવે;
તર્કે વિતર્કે મનડું મૂંઝાવે,
રગે રગે વ્યાપક અશ્રદ્ધા. ૩૨

આ છે બૂરું આ નબળું નઠારું,
આ બુદ્ધિહીણું બગડેલ ખારું;
આ તો બધાંયે રખડે બિચારાં,
ન કોઈ જ્ઞાની મુજ શો અહીંયાં. ૩૩

ઓછું કરીને અદકું બતાવું,
ને ત્યાગનો દંભ ઘણો ધરાવું;
વિશ્વાસઘાતે બહુને બનાવું,
ઈર્ષ્યાની હોળી ઉર ના લગાવું. ૩૪

મિથ્યાભિમાને ભટકી ભમું હું,
સાચું ખરે સંયમલક્ષ્ય ચૂકું;
ઘૃણા નિરાશા ઉભયે વણાઉં,
નાચું બનીને જડવૃત્તિતંતુ. ૩૫

વા'લા ! વેગે વિષમ પથમાં કલાન્ત છું ભાળ લેજે,
દૂરે હો તો દિલ ધરી દયા દિવ્યચક્ષુ જ દેજે;
તું સંસારે ઉદધિ તરવા નાવડી એક મારી,
થાકેલાને વિકટ રણમાં છાંયડી એક તારી. ૩૬

ફાંકો રાખી મદદ વિણ હું ગર્વ ટોચે ચડેલો,
લૂલી કાયા ડૂલી ગઈ છતાં ઓથમાં તું ઉભેલો;
અંધી આંખે નવનજરથી નાથનું નૂર જોયું,
એ પસ્તાવે મમ ઉર બળે હાથથી હીર ખોયું. ૩૭

દોષો ભૂલી વિભુવર ! હવે વા'લથી ગોદ લેજે,
પૂર્વાધ્યાસો યદિ હજુ નડે ! જ્ઞાન ઉદ્યોત દેજે;
જેથી દ્વેષ-પ્રમદ ભય-આસક્તિ-આવેશ ભાગે,
શાન્તિપ્રેમી સરસ-સમતા દિવ્ય આનંદ જાગે. ૩૮

## અંતિમ સત્ય

(માલિની)

ત્રિભુવનપતિ ! તું હું જો સ્વરૂપે અભિન્ન !
નિજની નિકટ પ્રાયશ્ચિત્ત ને પ્રાર્થના શાં ?
મન પવન ઝપાટે ભાસતી વિસ્મૃતિમાં,
સ્વપરિણતિ જગાવા, ગાઉં ગાથા પ્રસન્ન !!

ૐ શાન્તિ

# નમોક્કાર મંત્ર

### અથવા

# પંચપરમેષ્ઠિમંત્ર

નમો★ અરિહંતાણં,
નમો સિદ્ધાણં,
નમો આયરિયાણં,
નમો ઉવઝ્ઝાયાણં,
નમો લોએ સવ્વસાહૂણં.

આ પાંચ પદ મુખ્ય છે. પરંતુ એની તારીફ સૂચવતી નીચેની ગાથા પણ શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજમાં ખાસ પ્રચલિત છે.

એસો પંચ નમુક્કારો, સવ્વપાવપણાસણો;
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હોઈ મંગલં.

## એ મંત્રનો અર્થ

(૧) નમસ્કાર હો ! અરિહંતોને—એટલે કે તીર્થંકરોને.
(૨) નમસ્કાર હો ! સિદ્ધોને – એટલે કે સિદ્ધ પરમાત્માઓને.
(૩) નમસ્કાર હો ! આચાર્યોને.
(૪) નમસ્કાર હો ! ઉપાધ્યાયોને.
(૫) નમસ્કાર હો ! લોકે સર્વ – સાધુઓને.

## વિશિષ્ટ અર્થ

આ પંચપરમેષ્ઠિ મંત્ર જૈન આગમોમાંના જે ચૌદ પૂર્વ ગણાય છે; એ ચૌદ પૂર્વોના નિચોડ રૂપ છે. ચૌદ પૂર્વો આજે વિદ્યમાન નથી. જ્યારે આ ચૌદ પૂર્વોના સારરૂપ પંચપરમેષ્ઠિ મંત્ર મોજૂદ છે. એક રીતે આ જૈનોનો જેમ મૂળ મંત્ર છે અથવા બીજમંત્ર છે, તેમ જગતના તમામ ધર્મોનો પણ મૂળમંત્ર છે, કારણ કે કાકા કાલેલકર વગેરે કહે છે તેમ જૈન ધર્મ વિશ્વધર્મ હોઈ વિશ્વના બધાય ધર્મોનો અનાયાસે બીજમંત્ર બની જાય છે.

---

★ દિગંબર સમાજમાં 'નમો'ને ઠેકાણે 'ણમો' ખાસ બોલાય છે. મૂળે આ અર્ધમાગધી અથવા પ્રાકૃત લેખાતી ભાષામાં છે.

## અરિહંતોને નમસ્કાર

અર્હંત એટલે પૂજ્ય અથવા અંતરંગ (અંદરના) શત્રુઓ (જે મુખ્યત્વે રાગ-દ્વેષરૂપે છે; તેઓ)ના હણનારા તીર્થંકરોને નમસ્કાર. જૈનધર્મમાં તીર્થંકરોનો સર્વોચ્ચ મહિમા જેમ તરનાર-તારનાર તરીકે છે જ. તેમ સંસ્થા (અથવા સંઘ)ના સ્થાપનાર તરીકે પણ તેઓની મહત્તા પણ છે જ. કારણ કે સંસ્થા વિના આખાયે માનવજાતનું ઘડતર થઈ શકતું નથી. જો સામાન્ય રીતે પણ સંસ્થા માનવજાત માટે જરૂરી છે, તો પછી ધર્મને માનવ-જીવનના દરેક ક્ષેત્રમાં સ્થપાવીને સચવાવવો હોય તો ઉત્તમ પ્રકારની અને સર્વક્ષેત્ર વ્યાપી સંસ્થા ધર્મક્ષેત્રમાં તો સ્થપાવીને સાચવવી જોઈએ; તે દેખીતું છે. ગૃહસ્થ જીવન અને સંન્યાસી જીવન તેમજ નર તથા નારી આ ચારેય આવી અવસ્થામાં આવી જતાં હોઈને એવા સંઘ (કે સંસ્થા) દ્વારા થતું માનવઘડતર ખરેખર સર્વાંગીણ ધર્મમય બની જાય, તે સ્વાભાવિક છે. આ રીતે જેમ જૈનધર્મે અહિંસા-સત્યનો વ્યક્તિગત સાધનાની દૃષ્ટિએ વિચાર કર્યો છે તેમ અહિંસા-સત્યની સમુદાયગત સાધનનો (પણ) વિચાર (પણ) સાથોસાથ જ કર્યો છે. અરિહંતોનું નામ પ્રથમ નંબરે આ બીજમંત્રમાં હોવાથી જૈન ધર્મ શાથી વિશ્વધર્મ છે તે બરાબર સમજાઈ જાય છે.

## સિદ્ધોને નમસ્કાર

મુક્તિ પામેલા કે મોક્ષ પામેલા કર્મરહિત આત્માઓ (પરમાત્મપદે પહોંચેલાઓ)ને નમસ્કાર. ગૃહસ્થાશ્રમી શ્રાવક, શ્રાવિકાઓ, જૈનેતર સાધક-સાધિકાઓ અને જૈન જૈનેતર સાધુ, સાધ્વી, સંન્યાસીઓ, અહિંસા, સંયમ અને તપરૂપી સાચા ધર્મને સહારે મોક્ષ પામી શકે છે. દેવ, ગુરુ અને ધર્મની ત્રિવેણીથી સમ્યગ્દર્શન પામેલા ભવ્ય જીવો અવશ્ય મોક્ષ પામી શકે છે. તે સૌને આ પંચપરમેષ્ઠિપદમાં નમસ્કાર કરવામાં આવ્યા છે.

## આચાર્યોને નમસ્કાર

જૈન ધર્મમાં આચારનો મોટો મહિમા છે. મણભર જ્ઞાન કરતાં અધોળ આચરણનું મૂલ્ય વધારે છે. એટલે જ જૈન શાસ્ત્રો અરિહંત અને સિદ્ધ એ બે પદો પછી તરત આચાર્યપદને આગળ મૂકે છે અને કહે છે : "આચારને જેઓ ગ્રહણ કરે કરાવે અથવા જગતના સકલ અર્થો જેઓ એકઠા કરે કરાવે કિંવા બુદ્ધિને જે એકઠી કરે છે અને કરાવે તે આચાર્ય છે." ટૂંકમાં પોતે સત્યને આચરે અને બીજાંઓ સહજ રીતે સત્યને આચરે તેવો વ્યાપક માનવસમાજમાં પ્રભાવ પાડે તે આચાર્ય, તેવા આચાર્યોને નમસ્કાર.

## ઉપાધ્યાયોને નમસ્કાર

સત્યનું શિક્ષણ જાતે લે અને આપે તે ઉપાધ્યાય. ઉપાધ્યાય વિના આચાર્ય ન બની શકાય. માટે સત્યનું શિક્ષણ લઈ આપનાર એવા સાચા શિક્ષકોને પણ

નમસ્કાર. જ્ઞાન અને દર્શન થયા વિનાનું ચારિત્ર્ય નક્કર હોતું નથી. એથી જ્ઞાનને પ્રથમ સ્થાન કહ્યું છે અને પછી ક્રિયા અથવા ચારિત્ર્યને સ્થાન આપ્યું છે.

## નમસ્કાર લોએ સર્વ સાધુઓને

છેવટે પાંચમા પદમાં જગતના ખૂણે ખૂણાના સર્વ સાધુઓ (એટલે કે સાધના કરનાર)ને નમસ્કાર કરવામાં આવે છે.

આ પાંચે પદો મહાન છે. એટલા માટે કહ્યું :

આ પાંચ નમસ્કારો, સર્વ પાપપ્રણાશક;
સર્વેય મંગલોમાં તે, થાયે પ્રથમ મંગલ.

આ પાંચ નમસ્કારપદ બધાં પાપોનો નાશ કરનાર છે અને તે સર્વમંગલોમાં પ્રથમ મંગલરૂપે છે. જૈનશ્વેતાંબર મૂર્તિપૂજક સમુદાયમાં આ ચાર પદને ઉમેરી નવપદનો નમસ્કાર પણ કરે છે. તે ચાર પદ છે : (૧) જ્ઞાન (૨) દર્શન (૩) ચારિત્ર્ય અને (૪) તપ.

આમ આ પદોમાં ક્યાંય વ્યક્તિ વિશેષનું નામ જ નથી. આથી વિશેષ ખાતરી થઈ જાય છે કે આ જૈનધર્મ ગુણલક્ષી જ ધર્મ છે અને તેથી જ તે સૌનો ધર્મ છે. આથી જ કહેવાય છે કે "જૈનધર્મ એ વિશ્વધર્મ છે."

## આનંદઘનજી મહારાજ કહે છે

જગતનાં છએ દર્શનો એ જિનેશ્વર દેવનાં અંગ છે. જેમ સાગરમાં નદીઓ સમાય છે તેમ બધાં દર્શનો રૂપી નદીઓ જૈનરૂપી સાગરમાં સમાઈ જાય છે. એમ છતાં જૈનધર્મ પણ જ્યારે સામુદાયિક સાધનાનું રૂપ ધારણ કરે છે, ત્યારે તે જૈન સંપ્રદાય બની જાય છે. એમ છતાં મૂળે સત્યલક્ષી-ગુણલક્ષી હોવાથી જૈન સંપ્રદાય જગતના બધા સંપ્રદાયોમાં મસ્તકરૂપ છે. એમ છતાં જો તેમાં જિનવરરૂપી આત્મા ન હોય તો એકલા મસ્તકનું પ્રાણ વગર કશું મૂલ્ય નથી તેમ જૈન સંપ્રદાયનું પણ કશું મૂલ્ય નથી.

જૈન ધર્મનું સાંપ્રદાયિક મૂલ્ય માત્ર જિનવરરૂપી અથવા વીતરાગ પ્રભુરૂપી આત્માને બરાબર પળે પળે યાદ રખાય તથા તેવી સાધના કરનાર સંન્યસ્તાશ્રમી સાધુઓને ગુરુપદે સ્થપાય તેમજ સત્ય, અહિંસા, સંયમ અને તપ જીવનમાં ધર્મરૂપે અચરાય તો જ જૈનધર્મનો આવો સંપ્રદાય વિશ્વધર્મ થવાની યોગ્યતા પ્રાપ્ત કરી શકે છે.

આ છે પંચપરમેષ્ઠિપદનું રહસ્ય અને તેથી જ આ બીજમંત્રનો સર્વોચ્ચ મહિમા સિદ્ધ થઈ જાય છે.

# મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિરનાં
# પ્રાપ્ય પુસ્તકોનું સૂચીપત્ર

| | | | કિંમત રૂપિયા |
|---|---|---|---|
| ૧. | અભિનવ ભાગવત ભાગ ૧ અને ૨ | સંતબાલ | ૪૦-૦૦ |
| ૨. | અભિનવ રામાયણ | સંતબાલ | ૨૦-૦૦ |
| ૩. | સંતબાલની જીવનસાધના ભાગ-૨ | દુલેરાય માટલિયા | ૨૦-૦૦ |
| ૪. | લોકલક્ષી લોકશાહી | સંતબાલ | ૫-૦૦ |
| ૫. | ચિત્તચારિત્ર વિશુદ્ધિ | સંતબાલ | ૧૫-૦૦ |
| ૬. | સંતબાલ પત્રસુધા ભાગ ૧ | સંતબાલ | ૭-૦૦ |
| ૭. | પોષી પૂનમ | સંતબાલ | ૩-૦૦ |
| ૮. | નળકાંઠાનું નિદર્શન | સંતબાલ | ૩-૦૦ |
| ૯. | અનુબંધાષ્ટક | સંતબાલ | ૫-૦૦ |
| ૧૦. | સંતબાલ સ્મૃતિગ્રંથ ભાગ ૧ અને ૨ | | ૨૫૦-૦૦ |
| ૧૧. | જૈન દૃષ્ટિએ ગીતા-દર્શન ભાગ ૧ અને ૨ | સંતબાલ | ૧૫૦-૦૦ |
| ૧૨. | સાધુતાની પગદંડી ભાગ ૧ | મણિભાઈ પટેલ | ૩૦-૦૦ |
| ૧૩. | સાધુતાની પગદંડી ભાગ ૨ | મણિભાઈ પટેલ | ૩૦-૦૦ |
| ૧૪. | સાધુતાની પગદંડી ભાગ ૩ | મણિભાઈ પટેલ | ૪૦-૦૦ |
| ૧૫. | જાગૃત યુગદૃષ્ટા સંતબાલજી (હિન્દી) | — | ૧૦-૦૦ |
| ૧૬. | સંતોના બાલ સંતબાલ | મુકુલભાઈ કલાર્થી | ૫-૦૦ |
| ૧૭. | પર્વ મહિમા | સંતબાલ | ૬-૦૦ |
| ૧૮. | એકબીજાને સમજીએ | — | ૧૨-૦૦ |
| ૧૯. | Santbal - A Saint with a Difference T.U. Mehta Public By Navjivan | | ૩૦-૦૦ |
| ૨૦. | સંત સુરભિ ભાગ ૧ | | ૫-૦૦ |
| ૨૧. | સંત સુરભિ ભાગ ૨ | વિનોબાજીનાં વ્રત-અભંગોનો અનુવાદ | ૫-૦૦ |
| ૨૨. | સંત સુરભિ ભાગ ૩ | | ૫-૦૦ |
| ૨૩. | ધર્મપ્રાણ લોંકાશાહ | સંતબાલ | ૨૦-૦૦ |
| ૨૪. | સંતબાલ સમાગમનાં સંભારણાં | અંબુભાઈ શાહ | ૨૦-૦૦ |
| ૨૫. | વંદિત્તુ પ્રતિક્રમણ | સંતબાલ | ૫-૦૦ |

## પુસ્તકો મંગાવનારને સૂચના

૧. પુસ્તકની રકમ 'મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર'ના નામના ચેક/ડ્રાફ્ટથી અથવા મ.ઓ.થી મોકલી શકાશે.

૨. પુસ્તકો મંગાવતી વખતે નામ અને સરનામું સ્પષ્ટ લખવાં જેથી મોકલવામાં સરળતા રહે.

# "આત્મ-ચિંતન"

**(રાગ-દેશ, વિમળા નવ કરશો ઉચાટ, એ ઢાળ)**

રાત્રે રોજ વિચારો આજ કમાયા શું અહીં રે, રાત્રે૦ ટેક.

કરવાનાં શાં કાર્યો કીધાં, અણ કરવાનાં શાં તજી દીધાં,
પાપ-પુણ્યમાં વધેલ બાજુ છે કઈ રે..... રાત્રે૦ ૧

જે જે આજે નિશ્ચય કરિયા, અમલ વિષે તે કેવા ધરિયા,
સુધરવાનું મારે વિશેષ ક્યાં જઈ રે..... રાત્રે૦ ૨

લેવાનું મેં શું શું લીધું, તજવાનું શું શું તજી દીધું,
કઈ બાજુની મારી ભૂલ હજી રહી રે..... રાત્રે૦ ૩

કરું કરું કરતાં કાંઈ નથી કરતો, ધ્યાન પ્રભુનું હજી નથી ધરતો,
વાતો કરતાં વેળા શુભ જાયે વહી રે..... રાત્રે૦ ૪

જન્મ ધર્યો છે જેને માટે, મન હજી ન કર્યું તેને માટે,
**'સંતશિષ્ય'** શો જવાબ આપીશ ત્યાં જઈ રે.... રાત્રે૦ ૫

## સાધના

સામાયિક યા પ્રતિક્રમણ એ જીવન-સાધના માટેનું પાથેય છે. એનું ચિંતન, મનન અને નિદિધ્યાસન અંતરમાં પડેલી ચેતનાશક્તિને જાગૃત કરે છે. એ શક્તિના સહારે જ માનવ આત્મિક-જીવનની પગદંડી પર પગલાં માંડે છે.

**- સંતબાલ**

## પ્રતિક્રમણ એટલે શું ?

પ્રતિક્રમણ એટલે પાપથી પાછા હટવું. અશુભ કે પાપની પ્રવૃત્તિથી નિવૃત્ત થઈ શુભ અને વિશુદ્ધ પ્રવૃત્તિમાં રહેવું. અને તેમાં રહી આત્મસ્વરૂપના લક્ષે આરોહણ કરવાનો પ્રયાસ કરવો. આત્મા પોતાના સ્વભાવમાંથી પરભાવમાં, પ્રમાદવશ સરી પડી, અશુભ યોગમાં પ્રવર્તી રહ્યો હોય, તેને અશુભમાંથી પાછો હટાવી શુભ પ્રત્યે વાળવો અને પોતાના સ્વભાવનું લક્ષ કરી સ્વસ્થાન પ્રત્યે ગતિ કરવા પ્રયત્નશીલ થાય તેને પ્રતિક્રમણ કહે છે.

મહાવીરનગર,
ગૂડી પડવો - ૮-૪-૧૯૯૭.

**લલિતાબાઈ મહાસતીજી**
(પૂ. બાપજી)